RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 13* Date: 02.11.2022, Wednesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# રાજદ્રોહ કાનુન ઉપર હાલ રોક જારી રહેશે

## રાજદ્રોહની જોગવાઇ પર રોક લગાવવા માટે કોઇ આદેશ પસાર કરવો યોગ્ય પધ્ધતિ હોઇ શકે નહી



નવીદિલ્હી,તા.૧

સુપ્રીમ કોર્ટે મે મહીનામાં રાજદ્રોહ કાનુન પર રોક લગાવી દીધી હતીકોર્ટે કેન્દ્ર અને રાજય સરકારોને રાજદ્રોહ કાનુનની આઇપીસીની કલમ ૧૨૪એ હેઠળ કોઇ મામલો દાખલ નહીં કરવાનો આદેશ આપ્યો હતો કોર્ટે સરકારને આઇપીસીની કલમ ૧૨૪એની જોગવાઇ પર સમીક્ષાની મંજુરી પણ આપી છે.

સુપ્રીમ કોર્ટે રાજદ્રોહ કાનુન પર લાગેલ રોક હાલ જારી રાખી છે સુનાવણી દરમિયાન સુપ્રીમે કેન્દ્રની સુનાવણી ટાળવાનો આગ્રહ માન્યો હતો કેન્દ્રે અદાલતમાં તર્ક આપ્યો હતો કે સંસદના શિયાળુ સત્રમાં આ મામલા પર કંઇક નિર્ણય લઇ શકાય છે આવામાં ત્યા સુધી કેન્દ્રને સુપ્રીમ કોર્ટના રાજદ્રોહ કાનુન પર રોક લગાવવાના આદેશનું પાલન કરવું પડશે આ સાથે જ જે અરજીઓમાં પહેલા નોટીસ જારી નથી થઇ તેમાં પણ નોટીસ જારી કરવામાં આવી છે. કેન્દ્ર છ અઠવાડીયામાં તેનો જવાબ આપશે.સુપ્રીમે આગામી વર્ષ જાન્યુઆરીના બીજા અઠવાડીયામાં આ મામલા પર ફરી સુનાવણી કરવાનો નિર્ણય કર્યો છે.

ભારતીય દંડ સંહિતા (આઇપીસી)ની કલમ ૧૨૪ એ એટલે કે રાજદ્રોહની વિરૂધ્ધ અરજીઓ પર સીજેઆઇ યુયુ લલિત,ન્યાયમૂર્તિ એસ રવીદ્ર ભટ્ટ અને ન્યાયમૂર્તિ બેલા એમ ત્રિવેદીની બેંચ સુનાવણી કરી રહી છે.સુપ્રીમ કોર્ટે મેમાં રાજદ્રોહ કાનુન પર રોક લગાવી દીધી હતી કોર્ટે કેન્દ્ર અને રાજય સરકારોને રાજદ્રોહ કાનુનની આઇપીસીની કલમ ૧૨૪ એ હેઠળ કોઇ મામલો દાખલ નહીં કરવાનો આદેશ આપ્યો હતો કોર્ટે સરકારને આઇપીસીની કલમ ૧૨૪ એની જોગવાઇ પર સમીક્ષાની મંજુરી પણ આપી છે.જો કે અદાલતે કહ્યું હતું કે રાજદ્રોહ કાનુનની સમીક્ષા થવા સુધી સરકાર કલમ ૧૨૪એમાં કોઇ કેસ દાખલ ન કરે અને ન તો તેમાં કોઇ તપાસ કરે

કોર્ટે કહ્યું હતું કે જો રાજદ્રોહના મામલા દાખલ કરવામાં આવે છે તો તે પક્ષ અદાલતનો દરવાજો ખખડાવવા માટે સ્વતંત્ર છે.અદાલતોએ આવા મામલાઓનો ઝડપથી ઉકેલ લાવવો પડશે સુનાવણી દરમિયાન સોલિસિટર જનરલ તુષાર મહેતાએ અદાલતમાં કેન્દ્ર સરકાર તરફથી પક્ષ રાખ્યો હતો.

મહેતાએ કહ્યું કે ગંભીર અપરાધોને દાખલ થવાથી રોકી શકાય નહીં પ્રભાવને રોકવો યોગ્ય દૃષ્ટિકોણ હોઇ શકે નહીં આથી તપાસ માટે એક જવાબદાર અધિકારી હોવો જોઇએ અને તેની સંતુષ્ટિ ન્યાયિક સમીક્ષાની અધીન છે.

તેમણે વધુમાં કહ્યું કે રાજદ્રોહના મામલા દાખલ કરવા માટે એસપી રેંકના અધિકારીને જવાબદાર બનાવી શકાય છે તેમાં કોઇ મની લોન્ડ્રીંગથી જોડાયેલ હોઇ શકે છે કે પછી આતંકીથી,લંબિત મામલા અદલાતની સામે છે આપણે અદાલતો પર વિશ્વાસ કરવાની જરૂરત છે કેન્દ્રે સુપ્રીમ કોર્ટને કહ્યું કે બંધારણીય બેંચ દ્વારા યથાવત રાખવામાં આવેલ રાજદ્રોહની જોગવાઇ પર રોક લગાવવા માટે કોઇ આદેશ પસાર કરવો યોગ્ય પધ્ધતિ હોઇ શકે નહી

એ યાદ રહે કે રાજદ્રોહથી સંબંધિત દંડાત્મક કાનુનના દુરૂપયોગથી ચિંતિત સુપ્રીમ કોર્ટે ગત વર્ષ જુલાઇમાં કેન્દ્ર સરકારને પુછયુ હતું કે તે તેની જોગવાઇને રદ કેમ કરી રહી નથી જે સ્વતાંત્રતા આંદોલનને દબાવવા અને મહાત્મા ગાંધી જેવી લોકોને ચુપ કરાવવા માટે અંગ્રેજો દ્વારા ઉપયોગ કરવામાં આવતો હતો જયારે અરજીઓ પર નોટિસ જારી કરતા અદાલતે જોગવાઇના કહેવાતી રીતે દુરૂપયોગનો ઉલ્લેખ કર્યો હતો.

સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે આ એક ઔપનિવેશિક કાનુન છે આ સ્વતંત્રતા આંદોલનને દબાવવા માટે હતો તેની કાનુનનો ઉપયોગ અંગ્રેજોએ મહાત્મા ગાંધી તિલક વગેરેને ચુપ કરાવવા માટે કર્યો હતો.

શું આઝાદીના ૭૫ વર્ષ બાદ પણ આ જરૂરી છે. તેના પર કેન્દ્ર સરકાર તરફથી એજીઆર વેંકટરંમનીએ પક્ષ રાખ્યો હતો તેમણે કહ્યું હતું કે સરકાર પરિવર્તન પર વિચાર કરી રહી છે આઇપીસીમાં સુધારો સીઆરપીસી મુદ્દો તાકિદે જ સંસદની સમક્ષ હશે શિયાળુ સત્રમાં આ મુદ્દા પર કંઇ થઇ શકે છે.

## દિલ્હીમાં ૬૦ ટકા લોકોને 'મફત' વીજળી જોઈએ છે, સબસિડી માટે ૩૪ લાખ અરજીઓ

નવીદિલ્હી,તા.૧

૬૦ ટકા લોકોએ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની મફત વીજળી યોજનાને સમર્થન આપ્યું છે. ૩૧ ઓક્ટોબર સુધી કુલ ૩૪ લાખ લોકોએ મફત વીજળી યોજનાનો લાભ ચાલુ રાખવા માટે અરજી કરી છે.

તે જ સમયે, લગભગ ૪૦ ટકા લોકોએ કોઈ જવાબ આપ્યો નથી. આવી સ્થિતિમાં હવે આ ૪૦ લોકોને આ યોજનામાંથી બાકાત રાખવામાં આવશે.

રેવડી મફતમાં વહેંચવાના ભાજપના આક્ષેપ બાદ મુખ્યમંત્રી કેજરીવાલે લોકોને વિકલ્પ આપ્યો હતો કે જે મફત વીજળી યોજનાનો લાભ લેવા માંગતો નથી તે તેમાંથી બહાર નીકળી શકે છે. જ્યારે જેમને આ યોજનાની જરૂર છે તેઓ વીજ નિગમમાં અરજી કરી શકે છે. આ માટે ૩૧ ઓક્ટોબરની સમયમર્યાદા નક્કી કરવામાં આવી હતી. આ સમયમર્યાદા પૂરી થયા બાદ દિલ્હી સરકારે રિપોર્ટ જાહેર કર્યો છે. જણાવવામાં આવ્યું છે કે દિલ્હીમાં ૫૬ લાખ ૯૮ હજાર ૧૮૦ વીજ ગ્રાહકો છે. તેમાંથી લગભગ ૩૪ લાખ ગ્રાહકોએ મફત વીજળી યોજના ચાલુ રાખવા માટે અરજી કરી છે. આ સંખ્યા કુલ ગ્રાહકોની તુલનામાં ૬૦ ટકા છે. આ રિપોર્ટ બાદ સરકારે દાવો કર્યો છે કે ફ્રી ઈલેક્ટ્રિસિટી સ્કીમ સ્કીમનો લાભ અરજી કરનારા તમામ ગ્રાહકોને મળતો રહેશે.

દિલ્હીમાં અરવિંદ કેજરીવાલના નેતૃત્વમાં આમ આદમી પાર્ટીની સરકાર બની ત્યારથી મફત વીજળીની યોજના ચાલી રહી છે. આ સ્કીમ મુજબ ૨૦૦ યુનિટ સુધીના વપરાશ માટે ગ્રાહકો પાસેથી કોઈ ફી વસૂલવામાં આવતી નથી. બીજી તરફ આનાથી વધુ વપરાશ થાય તો ૪૦૦ યુનિટ સુધીના બિલના માત્ર ૫૦ ટકા જ ચૂકવવા પડે છે. પરંતુ તાજેતરમાં જ ભાજપે આ યોજનાને ચૂંટણીનો હંગામો કહીને આમ આદમી પાર્ટી પર પ્રહારો કર્યા હતા.

દિલ્હી સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, વર્ષ ૨૦૨૧-૨૨માં લગભગ ૫૦.૭૫ લાખ ગ્રાહકોએ આ યોજનાનો લાભ લીધો હતો. તે જ સમયે, આ વર્ષે ૩૧ ઓક્ટોબર સુધી, કુલ ૩૪.૧૬ લાખ ગ્રાહકોએ આ સબસિડી ચાલુ રાખવા માટે અરજી કરી છે.

જણાવી દઈએ કે અગાઉ ૨૦૨૦-૨૧માં કુલ ૪૭.૫૨ લાખ ગ્રાહકોને આ યોજનાનો લાભ મળ્યો હતો, જ્યારે ૨૦૧૯-૨૦માં આ યોજનાનો લાભ લેનારા ગ્રાહકોની સંખ્યા ૪૬.૪૯ લાખ હતી.

## દેશની તમામ કોલેજોમાં 'ભારતીય ભાષા દિવસ', ઉજવાશે

નવીદિલ્હી,તા.૧

યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (યુજીસી) એ તમામ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને ૧૧ ડિસેમ્બરે 'ભારતીય ભાષા દિવસ' મનાવવાનો નિર્દેશ આપ્યો છે. એક નોટિસમાં, યુજીસીએ કહ્યું કે આ દિવસ 'ભાષા સંવાદિતા' અને શીખવા માટે અનુકૂળ વાતાવરણ બનાવવાનો દિવસ છે. ભારતીય ભાષા સમિતિની ભલામણોને પગલે પંચે આ સંદર્ભે તમામ યુનિવર્સિટીઓ અને કોલેજોના વાઈસ ચાન્સેલરો અને પ્રિન્સિપાલોને પત્ર લખ્યો છે. ગયા વર્ષે શિક્ષણ મંત્રાલય દ્વારા ભારતીય ભાષા સમિતિની રચના કરવામાં આવી હતી.પત્રમાં કહેવામાં આવ્યું છે કે, પોતાની માતૃભાષા પર નિપુણતા મેળવવા ઉપરાંત, વધુને વધુ ભારતીય ભાષાઓ શીખવા માટે અનુકૂળ વાતાવરણ વિકસાવવાની જરૂર છે. તે જ સમયે પડોશી ભાષાને પ્રેમ કરવા અને માણવા માટે અભિગમ અને યોગ્યતા વિકસાવવા માટે 'ભાષા સંવાદિતા' બનાવવાની જરૂર છે.વાસ્તવમાં, ભાષા સમિતિએ ૧૧ ડિસેમ્બરની તારીખને 'ભારતીય ભાષા દિવસ' અથવા 'ભારતીય ભાષા ઉત્સવ' તરીકે પ્રસ્તાવિત કરી હતી, કારણ કે આ દિવસ આધુનિક તમિલ કવિતાના પ્રણેતા સુબ્રમણ્ય ભારતીની જન્મજયંતિ છે. સુબ્રમણ્યમ ભારતીએ સ્વતંત્રતા ચળવળ દરમિયાન દેશભક્તિને પ્રોત્સાહિત કરવા ગીતો લખ્યા હતા.ભાષા સમિતિના પ્રમુખ ચામુ કૃષ્ણ શાસ્ત્રીએ જણાવ્યું હતું કે, "બહુભાષીયતાને મજબૂત કરવા, લોકોને વધુ ભાષાઓ શીખવા માટે પ્રોત્સાહિત કરવા અને વિવિધતામાં એકતાનો અહેસાસ કરાવવા, ભારતીય ભાષા દિવસની ઉજવણી કરવા અને તેને ભારતીય ભાષા ઉત્સવ તરીકે ઉજવવા માટે મારી પાસે છે.

## આણંદ અને મહેસાણામાં રહેતા પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનના લોકોને ભારતની નાગરિકતા મળશે



નવીદિલ્હી,તા.૧

ગુજરાતની ચૂંટણી પહેલાં ભાજપની કેન્દ્ર સરકારે મોટો દાવ લગાવ્યો છે. કેન્દ્ર સરકાર અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને બાંગ્લાદેશથી આવીને ગુજરાતના બે જિલ્લા- આણંદ અને મહેસાણામાં રહેતા હિન્દુ, શીખ, બુદ્ધ, જૈન, પારસી અને ખ્રિસ્તીઓને ભારતીય નાગરિકતા આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ખાસ વાત એ છે કે કેન્દ્ર સરકારે નાગરિકતા કાયદો ૧૯૫૫ હેઠળ નાગરિકતા આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વિવાદાસ્પદ નાગરિકતા સંશોધન અધિનિયમ ૨૦૧૯ (સીએએ) હેઠળ નહીં

સીએએમાં પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશથી આવેલા હિન્દુ, શીખ, બુદ્ધ, જૈન, પારસી અને ખ્રિસ્તીઓને નાગરિકતા આપવાની જોગવાઈ પણ છે, પરંતુ આ અધિનિયમ હેઠળ સરકારે હજી સુધી નિયમો બનાવ્યા નથી, તેથી અત્યારસુધી એ હેઠળ કોઈને નાગરિકતા આપી શકાતી નહીં.કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા નોટિફિકેશન મુજબ, ગુજરાતના આણંદ અને મહેસાણા જિલ્લામાં રહેતા હિન્દુ, શીખ, બૌદ્ધ, જૈન, પારસી અને ખ્રિસ્તીઓને નાગરિકતા અધિનિયમ, ૧૯૫૫ના કલમ ૬ અને નાગરિકતા નિયમો, ૨૦૦૯ની જોગવાઈઓ હેઠળ ભારતના નાગરિક તરીકે નોંધણી કરાવવાની મંજૂરી મળશે અથવા નાગરિકતા આપવામાં આવશે. ગુજરાતના બે જિલ્લામાં રહેતા આવા લોકોએ તેમની અરજીઓ ઓનલાઈન સબ્મિટ કરવાની રહેશે, ત્યાર બાદ કલેક્ટર જિલ્લા સ્તરે એનું વેરિફિકેશન કરાશે. નોટિફિકેશન મુજબ કલેક્ટર અરજી સાથે તેમનો રિપોર્ટ કેન્દ્ર સરકારને મોકલશે.

નોટિફિકેશન મુજબ સંપૂર્ણ પ્રક્રિયા પછી સંતુષ્ટ થવા પર કલેક્ટર ભારતીય નાગરિકતા આપશે અને એના માટે પ્રમાણપત્ર આપશે. કલેક્ટર દ્વારા ઓનલાઈન તેમજ ભૌતિક રજિસ્ટર જાળવવામાં આવશે, જેમાં ભારતના નાગરિક તરીકે નોંધાયેલી વ્યક્તિઓની વિગતો હશે અને એની એક નકલ કેન્દ્ર સરકારને આવા રજિસ્ટ્રેશનના સાત દિવસની અંદર મોકલવામાં આવશે.

## એમસીડી ચુંટણીમાં ભાજપ પોતાના તમામ વર્તમાન કોર્પોરેટરોની ટિકિટ કાપવાનો નિર્ણય કર્યો છે : આપ નેતાનો દાવો

નવીદિલ્હી,તા.૧

આમ આદમી પાર્ટીનો દાવો છે કે દિલ્હી નગર નિગમ(એમસીડી) ચુંટણીમાં ભાજપે પોતાના તમામ વર્તમાન કોર્પોરેટરોની ટિકિટ કાપવાનો નિર્ણય કર્યો છે. તેનાથી સ્પષ્ટ થઇ ગયું છે કે તમામ કોર્પોરેટરો ભ્રષ્ટ્ર છે. આપ નેતા દુર્ગેશ પાઠકે કહ્યું કે ભાજપે એ નિર્ણય કર્યો છે કે ૨૦૧૭ની જેમ ૨૦૨૨ની એમસીડી ચુંટણીમાં તમામ કોર્પોરેટરોની ટિકિટ કાપશે .પાઠકે કહ્યું કે દિલ્હીની જનતા પુછે છે કે તમે કોર્પોરેટરોની ટિકિટ કેમ કાપો છે તેનાથી સ્પષ્ટ થઇ ગયું છે કે તમામ કોર્પોરેટરો ભ્રષ્ટ્ર છે.આ કારણે તેમણે ૨૦૨૨માં પણ તમામ કોર્પોરેટરોની ટિકિટ કાપવાનો નિર્ણય કર્યો છે.સવાલ છે કે તેમની વિરૂધ્ધ અત્યાર સુધી કોઇ કાર્યવાહી કેમ કરવામાં આવી નથી ૩૫ હજાર કરોડનો ભ્રષ્ટ્રાચાર આ કોર્પોરેટરોએ કર્યો છે આજ સુધી એક પણ કોર્પોરેટરની વિરૂધ્ધ કોઇ કાર્યવાહી થઇ નથી પૈસા તેના કોર્પોરેટરોએ લુંટયા છે પરંતુ જેલની અંદર સતેન્દ્ર જૈન જેવા આપ નેતાઓ રહેશે

આપ નેતાએ કહ્યું કે ભ્રષ્ટ્રાચારમાં આ વખતે ભાજપ કોર્પોરેટર ૨૦૧૭ વાળાઓના પણ બાપ નિકળ્યા તેમની વિરૂધ્ધ આજ સુધી કોઇ એફઆઇઆર થઇ નથી મીડિયાના સાથીઓએ જ ચલાવ્યું છે કે અને ભાજપની અંદરથી જ આ માહિતી મળી છે કે આ ટિકિટ કાપવાની છે દિલ્હી સરકાર તરફથી પરાલી અંગે વિકલ્પ મોકલવામાં આવ્યો હતો પરંતુ કેન્દ્ર સરકારે કોઇ સાથ આપ્યો નહીં આ સંબંધમાં એક પ્રસ્તાવ પણ મોકલ્યો હતો પરંતુ કેન્દ્ર સરકારે રદ કરી દીધો હતો.

પાઠકે ગુજરાતના મોરબી દુર્ઘટના અંગે જણાવ્યું હતું કે મોરબીની ઘટના સૌથી મોટી દુર્ભાગ્યપૂર્ણ ઘટના છે.૧૦૦થી વધુ લોકોના મોત થયા છે.આઝાદ ભારત બાદ ભ્રષ્ટ્રાચારનું આ સૌથી મોટું ઉદાહરણ બીજુ કંઇ મળી શકે નહીં જે પુલ પાંચ દિવસ પહેલા શરૂ થયો હતો તે તુટી પડવાથી ૧૦૦થી વધુ લોકો માર્યા ગયા છે. ત્યાં સરકાર ચલાવી રહેલ લોકો ભ્રષ્ટ્રાચારી છે મુખ્યમંત્રી સહિત તમામની તપાસ થવી જોઇએ કે ભ્રષ્ટ્રાચારના પૈસા કયાં કયાં ગયા મુખ્યમંત્રીએ આ ઘટનાની જવાબદારી સ્વીકારી રાજીનામુ આપી દેવું જોઇએ અને તેમની સામે ક્રિમિનલ કાર્યવાહી થવી જોઇએ.

## મોંધવારીમાં રાહત : કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમતમાં રૂ. ૧૧૫નો ઘટાડો

### જોકે, ૬ જુલાઈ, ૨૦૨૨થી ઘરેલુ ગેસ સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

નવીદિલ્હી,તા.૧

સરકારી તેલ કંપનીઓએ મંગળવારે સવારે એલપીજી સિલિન્ડરની કિંમતમાં મોટો ઘટાડો કર્યો છે. ઓઇલ કંપનીઓએ આજે ૧ નવેમ્બર, ૨૦૨૨ના રોજ જાહેર થયેલા કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમતમાં રૂ. ૧૧૫નો ઘટાડો કર્યો છે. આ પછી દિલ્હી, મુંબઈ સહિત દેશના તમામ મોટા શહેરોમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં ઘટાડો થયો છે. જોકે, ૬ જુલાઈ, ૨૦૨૨થી ઘરેલુ ગેસ સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. જેમ તમે જાણો છો, તેલ કંપનીઓ દર મહિનાની પહેલી તારીખે એલપીજી સિલિન્ડરની કિંમતોની સમીક્ષા કરે છે અને આજે પણ આ સમીક્ષા પછી કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમતો ઘટાડવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ૧ નવેમ્બરથી કોમર્શિયલ ગેસ સિલિન્ડર ૧૧૫.૫૦ રૂપિયા સસ્તું થયોછે. નવી કિંમત ૧૯ કિગ્રા વજનવાળા સિલિન્ડર પર લાગુ થશે જયારે ૧૪.૨ કિગ્રાના ઘરેલુ ગેસ સિલિન્ડરની કિંમત સ્થિર છે. એલપીજી સિલિન્ડરની કિંમત તપાસવા માટે તમારે સરકારી ઓઈલ કંપની વેબસાઈટ પર જવું પડશે. અહીં કંપનીઓ દર મહિને નવા દર જારી કરે છે. સરકારી ઓઈલ કંપનીઓ જુલાઈથી સતત કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં ઘટાડો કરી રહી છે અને આ સતત પાંચમો મહિનો છે જ્યારે તેના દરમાં ઘટાડો થયો છે. તાજેતરના ઘટાડા બાદ રાજધાની દિલ્હીમાં ૧૯ કિલોના કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમત ઘટીને ૧,૭૪૪ રૂપિયા થઈ ગઈ છે. આ સિવાય કોમર્શિયલ ગેસ સિલિન્ડર મુંબઈમાં ૧,૬૯૬ રૂપિયા, કોલકાતામાં ૧,૮૪૬ રૂપિયા અને ચેન્નાઈમાં ૧,૮૯૩ રૂપિયા પર પહોંચી ગયો છે. ૬ જુલાઈથી ઘરેલુ સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. એટલે કે સિલિન્ડર હજુ પણ એ જ કિંમતે મળશે. ઈન્ડેન સિલિન્ડરની કિંમત દિલ્હીમાં ૧૦૫૩ રૂપિયા હશે જ્યારે કોલકાતામાં ૧૦૭૯ રૂપિયા, મુંબઈમાં ૧૦૫૨, ચેન્નાઈમાં ૧૦૬૮ રૂપિયા હશે.જો રસોડામાં એલપીજી સિલિન્ડરનો ઉપયોગ કરવામાં આવે છે તો તમારા મનમાં પ્રશ્ન આવે છે કે શું ગેસની પણ એક્સપાયરી ડેટ( હોય છે? ઓઈલ માર્કેટિંગ કંપની ઈન્ડિયન ઓઈલે તેની વેબસાઈટ પર આ પ્રશ્નની માહિતી આપવામાં આવી છે.એલપીજી સિલિન્ડરોના




વૈધાનિક પરીક્ષણ અને પેઈન્ટિંગ માટે સમય નક્કી કરવામાં આવે છે અને તેની ઉપર કોડની જેમ લખેલું હોય છે કે આગામી કઈ તારીખે તેમને પરીક્ષણ માટે મોકલવામાં આવશે. ઉદાહરણ તરીકે, છ ૨૦૨૨ નો અર્થ છે કે તેઓને ૨૦૨૧ (એપ્રિલ-જૂન) ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં પરીક્ષણ માટે મોકલવામાં આવશે. એ જ રીતે જે સિલિન્ડરો પર ׀ ૨૦૨૨ લખેલું હશે તેને વર્ષ ૨૦૨૨ના બીજા ત્રિમાસિક ગાળા (જુલાઈ-સપ્ટેમ્બર) વચ્ચે ફરીથી પરીક્ષણ માટે મોકલવામાં આવશે.

## તંત્રી સ્થાનેથી...

# ચૂંટણી ટાણે જ સમાન નાગરિક સંહિતાનું વહેતું કરાતું ગતકડું



ગુજરાત સરકાર વિધાનસભાની આ વખતની ચૂંટણીમાં ભીંસમાં જોવા મળે છે. કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી સાથેના ત્રિકોણિયા જંગમાં સત્તારૂઢ પક્ષ ભારતીય જનતા પક્ષ (ભાજપ) રાજ્યમાં સમાન નાગરિક સંહિતા (યુનિફોર્મ સિવિલ કોડ) લાગુ કરવા માટે સમિતિ રચવાનો નિર્ણય કરીને "સબ કા સાથ, સબ કા વિકાસ તથા સબ કા વિશ્વાસ"ની વાત કરનાર ડબલ એન્જિનની સરકારે અંતે તો હિંદુ વોટ બેંક મજબૂત કરવા મુસ્લિમોને કઠે કે ઉશ્કેરે એવો નિર્ણય કરવો પડયો છે. જોકે આ વખતે ઝાઝા મુદ્દા ક્લિક થતા નથી.કોઈપણ ભોગે ફરી સત્તામાં આવવું પડે તેમ હોવા છતાં ચૂંટણી પરિણામો કેવાં હશે એ કહેવું મુશ્કેલ છે. ગત ચૂંટણીમાં ૧૮૨ બેઠકોમાંથી ૧૫૦ પ્લસ બેઠકોના દાવા સામે માત્ર ૯૯ બેઠકો મળી હતી. આ વખતે દાવા તો ૧૮૨માંથી ૧૮૨ બેઠકો જીતવાના થયા હતા, પણ શાહે ૧૨૫થી ૧૩૫ બેઠકો મળવાનો દાવો કરીને અગાઉના દાવાના ફુગ્ગાને ફોડી નાંખ્યો છે. પક્ષાંતર કરાવીને પોતાનું સંખ્યાબળ વધારવામાં સારા સંકેત જતા નથી. આગામી લોકસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પક્ષ ફરી જીતવા કૃતસંકલ્પ હોય ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રના ગૃહમંત્રી અમિત શાહનું ગુજરાત ગુમાવવું કે ઓછી બેઠકો મળે એવા સંજોગો જોખમી છે. અગાઉ ઉત્તરાખંડમાં પણ સમાન નાગરિક સંહિતાના અમલ માટે ચૂંટણી પહેલાં જ સમિતિ રચવામાં આવી હતી, પણ હજુ મહિનાઓ પછી પણ એનો અહેવાલ આવ્યો નથી. વળી, આ મુદ્દો તો છેક દાયકાઓથી ચલાવાતો રહ્યો છે. કેન્દ્રમાં આઠ વર્ષથી અને રાજ્યમાં ૨૭ વર્ષથી ભાજપની સરકારો રહ્યા પછી હવે એ મુદ્દાનું સ્મરણ થાય એ મતદારોને ઝાઝા પ્રભાવિત કરી શકે તેમ નથી. ઓછામાં પૂરું, ભલે મૈત્રીપૂર્ણ લડત કે ગાંધીનગર મહાપાલિકા પેટર્ન પર મદદ માટે પણ આમ આદમી પાર્ટી ગુજરાતમાં આવી હોય; પણ એના થકી મતદારોમાં નવજાગૃતિ આવેલી અવશ્ય જણાય છે. સત્તાધીશોની જાહેરસભાઓમાં પાંખી હાજરી પણ એમના માટે સવિશેષ ચિંતાનું કારણ બન્યું છે.

બંધારણસભામાં ૨૩ નવેમ્બર, ૧૯૪૮ની ચર્ચામાં સમાન નાગરિક સંહિતા અંગે મુસ્લિમ સભ્યોના સખત વિરોધ અને ડૉ.બી.આર. આંબેડકર અને ક.મા.મુનશી જેવા સભ્યોએ મુસ્લિમ દેશોમાં પણ સમાન કૌટુંબિક કાયદા અમલમાં હોવાનાં ઉદાહરણ આપ્યા છતાં સર્વાનુમત સધાયો નહોતો. એટલે બંધારણમાં અનુચ્છેદ ૪૪ તરીકે "ભારતમાં સમગ્ર રાજ્યક્ષેત્રમાં નાગરિકોને સમાન કૌટુંબિક કાયદો પ્રાપ્ત કરવા રાજ્યે પ્રયત્નો કરવા જોઈએ "નો સમાવેશ કરાયો હતો. મુનશીએ તો મુસ્લિમ બહુમતીવાળા ઈજિપ્ત અને તુર્કી સહિતના દેશોમાં સમાન નાગરિક ધારાના અમલ તેમ જ યુરોપીય દેશોમાં પણ એવું જ હોવાની વાત મૂકી હતી. ડૉ.આંબેડકરે ૧૯૩૭ સુધી ભારતમાં પણ મુસ્લિમો હિંદુ કાયદા હેઠળ આવતા હતા. સર્વોચ્ચ અદાલતે વારંવાર સમાન નાગરિક સંહિતાનો અમલ કરવાનું સૂચવ્યું છે પરંતુ એ કાયદો સંસદના માધ્યમથી કેન્દ્ર સરકાર જ ઘડી શકે એવી ભૂમિકા સ્પષ્ટ કરાઈ છે. કૌટુંબિક કાયદાઓ માટે એટલે કે લગ્ન, છૂટાછેડા અને વારસાઈ જેવા મુદ્દે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર બંનેને એ માટેનો અધિકાર બંધારણે આપ્યો છે. મુસ્લિમોની ખફગી વહોરવી ના પડે એટલા માટે એકસાથે આવા સમાન નાગરિક કાયદાનો અમલ તમામ સરકારો ટાળતી રહી છે. ટ્રિપલ તલાકના મુદ્દે મોદી સરકારે કાયદો કર્યો પરંતુ એ માટે સુપ્રીમ કોર્ટના ચુકાદાનો આધાર લેવામાં આવ્યો હતો. સમાન નાગરિક સંહિતા સંદર્ભે મોદી સરકારે સુપ્રીમમાં જે સોગંદનામું કર્યું છે તેમાં કેન્દ્ર સંસદને આવો કાયદો બનાવવા માટે નિર્દેશ આપી ના શકે એવું જણાવીને હાથ ઊંચા કરી દીધા છે.

## શિયાળુ સત્ર જુની ઈમારતમાં જ યોજાશે,નવી સંસદના નિર્માણમાં સમય લાગશે

નવીદિલ્હી,તા.૧

સંસદનું શિયાળુ સત્ર જુની ઈમારતમાં જ થવાની સંભાવના છે સુત્રોના જણાવ્યા અનુસાર નવા સંસદ ભવનના નિર્ણય કાર્ય શિયાળુ સત્ર સુધી પુરૂ થવાની સંભાવના ખુબ જ ઓછી છે.પહેલા સરકાર તરફથી કહેવામાં આવ્યું હતું કે શિયાળુ સત્ર સંસદના નવા ભવનમાં યોજાશે.જો કે હાલમાં આ સંભાવના ખુબ જ ઓછી છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૧ જુલાઈએ નવા સંસદ ભવનની છત પર રાષ્ટ્રીય પ્રતિકનું અનાવરણ પણ કર્યું હતું આશા હતી કે ભવન શિયાળુ સત્ર પહેલા બનીને તૈયાર થઈ જશે પરંતુ નવા સંસદ ભવનના નિર્માણ કાર્ય શિયાળુ સત્ર પહેલા પુરૂ થવાની આશા ઓછી છે.સેટ્રલ વિસ્ટા પ્રોજેકટ હેઠળ બની રહેલ નવું સંસદ ભવન ૬૪,૫૦૦ વર્ગ મીટરમાં ફેલાયેલુ હશે અને તેને બનાવવામાં કુલ ૯૭૧ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

પહેલા સંભાવના હતી કે તેનું નિર્માણ કાર્ય ઓગષ્ટ ૨૦૨૨ એટલે કે દેશના ૭૫માં સ્વતંત્રતા દિવસ સુધી પુરૂ કરવામાં આવશે પરંતુ આમ થઈ શકયુ નથી.

નીમ કરો
સુવાંગ અમારા નામે કરો,
કાં તો શ્રીસરકાર નામે કરો.
આશિકોની હરકત વધી છે,
કાબુ કરવા કંટ્રોલ રૂમ કરો.
થઈ શકે તો યુનિસેફ પાસે,
સોંદર્યનું પુરાતત્ત્વ ધામ કરો.
સૌ કોઈ પ્રેમનો અર્ધ્ય આપે,
એવું પ્રેમપરિણય ધામ કરો.
સખીના ગાલના એકેક તલ,
મારા નામે ગાલતલ નીમ કરો!!
ભરત વૈષ્ણવ
૧.૧૧.૨૦૨૨.#.ઈ કવિતા

# એક બંદર થિયેટર કે અંદર !!!

આપણને માણસ ગમતો નથી. તે ઠીક છે. માણસ ગમે કે ન ગમે પણ પ્રાણીઓ , પક્ષીઓ ગમે છે. પોપટ,કોયલ,લક્કડખોદ , બપૈયા, હોલા, ચકલી ગમે છે. વાઘ, સિંહ , કૂતરા, શિયાળ ગમે છે. વાઘ-સિંહ ગમે પણ પાળી ન શકાય.કોઈક વિરલા સિંહ કે વાઘ પાળે છે તે વાત અલગ છે. એમ તો ગીરના જંગલમાં ફોરેસ્ટર નાની લાકડી કે દંડૂકાથી જનાવર ( ગીરના જંગલમાં સિંહને જનાવર કહેવામાં આવે છે!)ભગાડે છે. રાષ્ટ્રીય શાયર ઝવેરચંદના કાવ્યની નાયિકા ચારણ કન્યા સાવજને ભગાડે છે. કેટલાક વિકૃતો સિંહને મરઘી માટે દોડાવે છે કે બાઈકની લાઈટ ચાલુ કરી સિંહને દોડાવે છે.

બધા પ્રાણીમાં વાંદરા તરફ ખેંચાણ અલગ છે. કેમ કે, આપણી ઊત્પતિ વાંદરામાંથી થયેલી હોવાનું ડાર્વિનવાદ કહે છે. જયાં સુધી તેનું ખંડન ન થાય ત્યાં સુધી આપણા પૂર્વજો વાંદરા હતા તે નિર્વિવાદ અને નિર્વિલ્પ સત્ય છે.અલબત, વાંદરા તેનું ગૌરવ લેતા હશે કે તે અલગ વિચારણાનો મુદ્દો છે.બીજું કે પતિ કે પત્ની વાંદરા સાથે સામેના પક્ષ- વિપક્ષાનો લોહીનો સંબંધ જોડી કાઢે છે. મા દિકરાને કહે કે તારો બાપ વાંદરો છે. પતિ કહે કે તારા પિયરિયા વાંદરા છે!! આ બધુ જાણવા છતાં શું કામ લગ્ન કર્યા એ સવાલ નિરુત્તર રહે છે!!

ભોજનની થાળીમાં જેમ પાપડ જોડાયેલ હોય છે તેમ વાંદરા આપણા જીવન સાથે વણાયેલા છે.

પંચતંત્રમાં મગર અને વાનરની વાર્તામાં ચાલાક વાનર કાળજું ઝાડ પર મુકી આવ્યો છું તેમ કહી મગરથી જીવ બચાવે છે. ભગવાન રામે રાવણ સાથેના યુધ્ધમાં વાનર, રીંછની મદદ મેળવી હતી. બે બિલાડીઓની રોટલાની વહેંચણની વાર્તામાં જજ બનેલો વાંદરો આખો રોટલો ન્યાય તોળવા દરમિયાન ખાઈ ગયો હતો. અત્યારે ન્યાયતંત્રમાં પરિસ્થિતિ લગભગ આવી છે. ન્યાય મેળવતાં મેળવતાં સમય અને સંપતિ ગુમાવવાની રહે છે. ત્યારે સત્યની જીત થાય છે. અસીલ કેસ હારી જાય ત્યારે વકીલ તેને સત્યની જીત કહીને અસીલ સાથે પલ્લો ઝાડે છે!!!એક રાજાએ વાંદરાને અંગરક્ષક નિમેલો. રાતે ખુલ્લી તલવારે રાજાનું રક્ષણ કરે. રાજાના શરીર પર મચ્છર બેસતાં રાજા પર તલવાર ઝીંકી.મચ્છર ઉડી ગયું. રાજાના તસ્વીર પર સુખડનો હાર ચડી ગયો.

વાંદરાઓમાં ગાંધીજીના વાંદરા ફેમસ છે. એકચ્યુઅલી ત્રણ ફેમસ થયા બાકીના ધનવાન થયા. જોકે , તેના માલિકી કે કુલમુખત્યારનામું કે પેઢીનામું બાપુની તરફેણમાં ન હોવા છતાં ગાંધીજીના વાંદરા તરીકે ફેમસ થયેલા, જેની લોકપ્રિયતાથી મોટા સાહેબ પણ જલે છે!! ભોગ વાંદરાના .આપણે શું?

ગબ્બર અને આવા તીર્થક્ષેત્રોમાં વાંદરાનો ત્રાસ હોય છે.શક્ય છે કે ગયા ભવના મુમુક્ષુ હોય અને અધુરી ખ્વાહિશ પૂરી કરતા હોય!

હોલિવુડમાં ગોડઝિલા નામની ફિલ્મો બનેલી,જે બ્લોક બસ્ટર નીવડેલી.એક બંદર હોટલ કે અંદર નામની ફિલ્મ પણ આવેલી. જેના કારનામા સૌને યાદ છે!હમણા ગાંધીનગરના અડાલજના થિયેટરમાં એક બંદર થિયેટર કે અંદરનું લાઈવ શુટિંગ થઈ ગયેલું. ગરમીમાં રાહત મેળવવા કે કેજીએફ-૨ કે થ્રી આરની લોકપ્રિયતા પ્રાણી જગતમાં પ્રસરી હશે કે ભગવાન જાણે!! એક બંદરે મલ્ટીપ્લેકસની મોંઘા ભાવની ટિકિટ લીધા સિવાય અનધિકૃત પ્રવેશ મેળવી લીધેલો. સિકયોરીટી ગાર્ડે શું કાળજી રાખી એ તો માલિક જાણે!! થિયેટરમાં પિકચરના શો દરમિયાન વાનર નામનો પ્રેક્ષક હોવાની જાણ થઈ. કોઈ પ્રેક્ષકો વાનરનો ઓટોગ્રાફ લેવા કે સેલ્ફી લેવા આગળ ન આવ્યા તે તેના દુર્ભાગ્ય, બીજું શું? બીજા દિવસે જે છાપે ચડવાનો હોય તે એક દિવસનો સુલતાન કહેવાય. વરરાજા પણ એક દિવસનો સુલતાન અને બાકીના દિવસોનો ગુલામ હોય છે, એ વાત અલગ છે. વાનરને હટાવવા સિનેમા માલિકોએ ઘણી મશકત કરી. પણ વાનર પણ ગાંધીજીની જેમ ડગલું ભર્યું તે ના હટુને અનુસરીને અડીંગો જમાવી દીધો. ફાયરબ્રિગેડ પણ રામબ્રિગેડે હંફાવી દીધી. ક્યારેક પ્રેક્ષકો પૂરતી સંખ્યા ન હોવાના કારણે કે વિજળીકાપ કે તોફાન, કે ભારે વરસાદને લીધે સિનેમાનો શો કેન્સલ કરવો પડે. એક બંદરને લીધે ફિલ્મનો શો કેન્સલ કરવો પડ્યો તે ગિનેસ બુકમાં નોંધવા જેવી ઘટના છે.

એક બંદર થિયેટર કે અંદર એ ટાઈટલ અમે રજિસ્ટર કરેલું છે. તે અમારી બૌધ્ધિક( તમે હીહી કરીને હશો નહીં!!પ્લીલીલીઈઝ!) સંપદા છે. તો એનો અમારી પરવાનગી વગર ઉપયોગ ન કરનાર સામે કાનૂની ગેરપગલાં લેવામાં આવશે!!

ભરત વૈષ્ણવ
૧.૧૧.૨૦૨૨.#
હાસ્યલેખ

# સંબંધોની સાચવણી --- ગ્રીષ્મા પંડ્યા

આમ જુઓ તો સંબંધોની માયાજાળ મનુષ્યના જન્મ લેવાની સાથે જ શરૂ થઈ જાય છે.સંબંધોનાં બંધન આપોઆપ સ્થપાઈ જતા હોય છે.સૌથી કઠિન તો છે સંબંધોને સાચવવા અને જાળવવા.તાત્પર્ય એ વાતનું છે કે તેને નિભાવવા એટલા જ જટિલ. જેની સાથે જ્યારે સંબંધ બંધાય ત્યારે તે વ્યક્તિમાં રહેલી સારી નરસી દરેક આદતો સાથે જ થયેલો સ્વીકાર. જો સંબંધને કાયમી બાંધવો હોય તો તેને માટે ઘણું બધું જતું કરવું પડે.

બીજી બાજુ જોઈએ તો એવો પણ વિચાર આવે કે, શું સંબંધમાં બધી પ્રશંસનીય બાબત જ હોવી જોઈએ?જેમ જેમ વ્યક્તિની નજીક જઈએ તેમ તેમ તેનામાં રહેલી ખૂબીને બદલે ખામી વધુ દેખાવા લાગે એવું પણ બને.જો એમ થાય તો શું કરવું એવો પ્રશ્ન હંમેશા મોખરે હોય.બે કે તેથી વધુ વ્યક્તિઓનું સમયાંતરે મળતા રહેવું, પહેલા અચાનક મળ્યા પછી એમ લાગે કે આ તો મળવા જેવા માણસ છે! ફરીથી જ્યારે દિલથી મળીએ ત્યારે સંબંધ પ્રસ્થાપિત કર્યો કહેવાય.પછી એ જ પ્રસ્થાપિત થયેલા સંબંધને 'યેન કેન પ્રકારેણ' સાચવવાની પરાકાષ્ઠા સુધી પહોંચવા પ્રામાણિક પ્રયત્નો જીવનભર કરવાના.દરેક પરિસ્થિતિનો સ્વીકાર કરીને પણ સંબંધોની સાચવણી કરવામાં આવે છે.સાવ કાચાં એવા સૂતરના તાંતણે જ્યારે ફૂલોની માળા ગૂંથાય છે ત્યારે એ તાંતણાની નજાકત કોઈ નથી જોતું.વડવાઈઓ પણ વડનાં અવિભાજય અંગ તરીકે વડને વધારાનો ટેકો આપતી થઈ જાય છે.આમ, જ્યારે સંબંધો અને લાગણીઓ સચવાઈ જાય ત્યારે એક અલૌકિક અનુભૂતિ કરાવે છે આપણને આજીવન!

મા -બાપ, ભાઈ -બહેન,બા-દાદા, નાના-નાની,કાકા, મામા,ફોઈ આ બધાં જ સંબંધો ઈશ્વરની કૃપા માત્ર છે.ઈશ્વરે જ આપેલા દાન અને વરદાન છે. આ સંબંધોને આપણે સ્થાપવા નથી પડતાં,પરંતુ કંઈક વિશેષ રુપે સાચવવા તો પડે જ છે.આજીવન જાળવવા પડે છે.દરેક વ્યક્તિના સ્વભાવ, પ્રકૃતિ, કેળવણી, મનોસ્થિતિ અલગ -અલગ જ હોય છે.'તુંડે તુંડે મતિર્ભિન્ના', છતાં દરેકની આગવી ઓળખને ધ્યાનમાં રાખીને જો સંબંધોની સાચવણી કરવામાં આવે તો તે સ્વયંસિધ્ધિ જ પામેલા ગણાય.

એક નાનકડા ઉદાહરણ દ્વારા સમજાવી શકાય ... એક ગામમાં પોતાની શેરીમાં બાળકો બૉલ રમતાં 'તાં. શાળામા રજા હોવાથી બધાં મસ્તીનાં મૂડમાં હતાં.અચાનક કોઈ એક બાળકને માથામાં બૉલ વાગ્યો.બસ, પછી તો પૂછવું જ શું! એકબીજા પર દોષ.એ બાળકના મા-બાપ પણ ન બોલાય એવું જોર જોરથી બોલવા લાગ્યાં. આ લડવાઢને કારણે ઈજા પામેલા બાળકને તો કોઈ જોતું પણ ન હતું.'કોઈ ડૉક્ટરને બોલાવો' બધાં એકબીજાંને સૂચના આપવા લાગ્યાં. થોડી જ વારમાં એક ડૉક્ટર આવી ગયાં અને બાળકને પાટાપિંડી કરી, પછી બાળક રમતો પણ થઈ ગયો.હવે યક્ષપ્રશ્ન એ હતો કે




ડૉક્ટરને બોલાવ્યા કોણે? કોઈ બોલ્યું કે સામે રહે છે તે શ્યામભાઈએ. એકદમ સોપો પડી ગયો હતો.એ માણસ કદી કોઈની સાથે ઝાઝી વાત ન કરતો,હંમેશા અળગો રહેતો,પણ આજે એણે વગર બોલ્યે ખરા અર્થમાં સંબંધ સાચવી જાણ્યો.

કહેવાનો અર્થ એ જ છે કે, ઘણાં માણસોની પ્રકૃતિ જ એવી હોય છે.અણી વખતે ઊભા રહેવું.કોઈ હોબાળો નહીં, કોઈ દેખાડો નહીં, કામ પૂરતી વાત છતાં બધાંને માટે કંઈક કરી છૂટવાની ભાવના.જીવનમા આ રીતે સંબંધોની સાચવણી કરનારા પણ છે.સો વાતની એક વાત, આપણે બધાં જ સામાજિક પ્રાણી છીએ.સંબંધોની સાચવણી માં જ આપણાં પ્રાણ ટકી રહેશે.

ooooગ્રીષ્મા પંડ્યા

# વડાપ્રધાનશ્રીના હસ્તે રૂ. ૨૯૦૦ કરોડના રેલ પ્રોજેક્ટ રાષ્ટ્રને સમર્પિત

**ડબલ એન્જિન સરકારથી ગુજરાતમાં વિકાસનાં તમામ ક્ષેત્રની ગતિ અને શક્તિ વધી રહી છે : વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી**

**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે અમદાવાદ(અસારવા)- હિમ્મતનગર-ઉદયપુર અને લુણીધાર-જેતલસર ગેજ રૂપાંતરિત બ્રોડ ગેજ લાઇનોનું લોકાર્પણ**



વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદથી રૂ. ૨૯૦૦ કરોડના રેલ પ્રોજેક્ટ્સ રાષ્ટ્રને સમર્પિત કરતા જણાવ્યું કે,સરદાર પટેલની જયંતી છે. સરદારે દેશને જોડવાનું કાર્ય કર્યું હતું. રેલવે પણ દેશને જોડવાનું કાર્ય કરે છે. આજે માત્ર બે રુટનું બ્રોડ ગેજમાં પરિવર્તન જ નથી થયું, પરંતુ ગુજરાત અને રાજસ્થાનના વિસ્તારો દિલ્હી અને ઉત્તર ગુજરાત સાથે જોડશે અને એને પરિણામે અનેક તકોનું સર્જન થશે. આજે ડબલ એન્જિન સરકારને કારણે ગુજરાતમાં વિકાસનાં તમામ ક્ષેત્રની ગતિ અને શક્તિ વધી રહી છે, એમ તેમણે ઉમેર્યું હતું.

૨૦૧૪ પહેલાં રેલવે સહિતના ક્ષેત્રોમાં ગુજરાતની થઈ રહેલી ઉપેક્ષાનો ઉલ્લેખ કરીને વડાપ્રધાને જણાવ્યું હતું કે આજે જે બે રુટનું બ્રોડ ગેજમાં રૂપાંતરણ થયું છે, એ કાર્ય દાયકાઓથી અપેક્ષિત હતું. આ બ્રોડ ગેજ રૂપાંતરણથી અમદાવાદ-દિલ્હી માટે વૈકલ્પિક રૂટનું પણ નિર્માણ થયું છે. ગુજરાતના વિકાસ અને કનેક્ટિવિટી માટે આજે બહુ મોટો દિવસ છે, એવું તેમણે ઉમેર્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું કે, બ્રોડગેજ વિનાની રેલ્વે લાઇન એકલા ટાપુ જેવી હોય છે જેમ નેટવર્ક વિના કમ્પ્યૂટર અને મોબાઈલ અધૂરા છે તેમજ બ્રોડ ગેજ કનેક્ટિવિટી વિના રેલ ક્ષેત્ર અધૂરૂ છે. આજે લોકાર્પણ થયેલ બ્રોડગેજના પરિણામે સમગ્ર રેલ્વે કનેક્ટીવીટીનું વિસ્તૃતિકરણ થયું છે.

અગાઉ આ રૂટની ટ્રેનો અન્ય રાજ્યોમાં નહોતી જઈ શકતી અને અન્ય રાજ્યોની ટ્રેનો પણ આવતી ન હતી, જે આજે લોકાર્પણ થયેલ બ્રોડગેજ લાઈનના પરિણામે સરળ અને શક્ય બનશે.

મીટર ગેજની લાઈન બ્રોડ ગેજમાં પરિણમે ત્યારે નવીન વિકાસની તકો લઈ આવે છે, તેમ જણાવતાં વડાપ્રધાનશ્રી એ કહ્યું કે, જેતલસરમાં ગેજ પરિવર્તનનું કામ રેલ્વે કનેક્ટિવિટીને સરળ બનાવશે. અહીંથી નિકળેલી ટ્રેન દેશના કોઈપણ હિસ્સામાં જઈ શકશે તેમ તેમણે વધુમાં કહ્યું હતુ. .

આજે લોકાર્પણ થયેલ પ્રોજેક્ટની વિગતો આપતા વડાપ્રધાનશ્રી એ કહ્યું કે, અસારવાથી ઉદયપુરની ૩૦૦ કિ.મી.ની લાંબી લાઈન બ્રોડગેજ પરિણમવા થી ગુજરાત અને રાજસ્થાનના આદિવાસી ક્ષેત્રને દિલ્હી અને ઉતર ભારતથી જોડશે, જેનાથી અમદાવાદ અને દિલ્હી માટે વૈક્લિપ રૂટ પણ ઉપલબ્ધ થશે

તદ્ઉપરાંત કચ્છ અને ઉદયપુરના પ્રવાસન સ્થળો વચ્ચે સીધી રેલ્વે કનેકટિવીટી સ્થાપિત થવાથી કચ્છ, ઉદયપુર, ચિત્તોઢગઢ અને નાથદ્વારાના પર્યટન સ્થળોને પ્રોત્સાહન મળશે. વધુમાં હિંમતનગરના ટાઇલ્સ ઉધોગ સહિત આ રૂટના અન્ય ક્ષેત્રોમાં પણ કાર્યરત ઓધૌગિક એકમોને વેગ મળશે તેમ તેમણે જણાવ્યું હતું.

રાજયમાં અત્યાર સુધીમાં રેલ્વે કનેક્ટિવિટી સીમિત હતી તેનો ઉલ્લેખ કરતા વડાપ્રધાનશ્રી એ જણાવ્યું કે, દાયકાઓ સુધી ગુજરાતના રેલ્વે કનેક્ટીવીટીને પરીપૂર્ણ કરવા માટે રાહ જોવી પડી છે. આજે જેતલસર ખંડ સંપૂર્ણરીતે બ્રોડગેજમાં પરિવર્તિત થતાં ભાવનગર અને અમરેલીના લોકોને સોમનાથ અને પોરબંદરથી સીધી કનેક્ટિવીટીનો લાભ મળશે. ભાવનગર અને સૌરાષ્ટ્રના લોકોના પરિવહનનું અંતર અને સમય પણ ઘટશે. સુરેન્દ્રનગર, રાજકોટ, સોમનાથ , પોરબંદર માં એક વૈક્લિપ રૂટના રૂપમાં ઉપલબ્ઘ બનશે.

વડાપ્રધાનશ્રી એ ડબલ એન્જિનની સરકારની શક્તિ વિશે ઉલ્લેખ કરતા કહ્યું કે, ડબલ એન્જિનની સરકાર એક થઈને કામ કરે ત્યારે શક્તિ ડબલ નહીં પરંતુ અનેક ગણી થાય છે. ગુજરાતમાં રેલ ઇન્ફ્રાસ્ટ્રકચર ક્ષેત્રે થઈ રહેલ વિકાસ તેનું જવલંત ઉદાહરણ છે તેમ તેમણે ઉમેર્યુ હતુ.

૨૦૧૪ પહેલા ગુજરાતમાં નવા રેલ્વે રૂટ માટે કેન્દ્ર સરકારમાં વારંવાર જવું પડતું હતું તેની વાત કરતા શ્રી મોદીએ કહ્યું કે ગુજરાતમાં અન્ય વિકાસ ક્ષેત્રોની જેમ જ અન્યાય થતો હતો....પરંતુ છેલ્લા ૮ વર્ષમાં ડબલ એન્જિનની સરકારના કારણે ગુજરાતમાં વિકાસની રફતાર વધી છે. વર્ષ ૨૦૦૯થી ૨૦૧૪ માં ગુજરાતમાં રાજ્યમાં ૧૨૫ કિ.મી. રેલરૂટ નું જ રૂપાંતરણ થયું હતુ જેની સાપેક્ષે ૨૦૧૪થી ૨૦૨૨માં ૫૫૦ કિ.મી. રેલ્વે લાઈનનું ડબલીંગ થયું છે.

સ્કેલ અને સ્પીડ ની સાથે અનેક વિકાસ સ્તરોએ સરકાર સુધારા લાવી છે તેમ જણાવીને આજે રેલ્વે માં ક્વોલીટી, સુવિધા, સુરક્ષા અને સ્વચ્છતામાં સુધારો આવ્યો છે, તેમ વડાપ્રધાનશ્રી એ ભારપૂર્વક જણાવ્યું હતુ.

વડાપ્રધાનશ્રીએ ગુજરાતમાં અમદાવાદ સ્ટેશનનો વિકાસ કરવામાં આવી રહ્યું છે તેમ જણાવીને આગામી સમયમાં સોમનાથ, ભુજ, સુરત સ્ટેશનનો પણ નવા અવતારથી વિકાસ કરવામાં આવશે તેમ તેમણે જણાવ્યું હતુ.

ગુજરાતમાં વંદે ભારત એક્સપ્રેસ સેવા શરૂ થતા દેશના સૌથી મહત્વના ઔધોગિક કોરિડોરને વેગ મળ્યો છે . પશ્ચિમ રેલ્વે ના વિકાસને નવા આયામો આપવા માટે સરકારે ૧૨ ગતિ શક્તિ કાર્ગો ટર્મીનલ યોજના પણ કાર્યાન્વિત કરી છે. જેના અંતર્ગત વડોદરામાં પહેલુ ગતિ શક્તિ કાર્ગો ટર્મીનલ પ્રોજેક્ટ શરૂ થયો છે.

આજે દેશમાં સર્વાંગી વિકાસ હાથ ધરવામાં આવી રહ્યો છે જેના સંદર્ભમાં ગુજરાતમાં મેટ્રો ટ્રેન , એઈમ્સ જેવા ઈન્ફ્રાસ્ટ્રચકચર દેશના વિકાસને નવી દિશા આપી રહ્યાં છે. દેશમાં કનેક્ટીવીટી અને ઈન્ફ્રાસ્ટકચરના વિકાસના એપ્રોચમાં બદલાવ આવ્યો છે. આજે ગુજરાતમાં પરિવહનના દરેક માધ્યમમાં આંતરિક રીતે એકબીજા સાથે જોડાઈ રહ્યાં છે. રેલ, બસ અને મેટ્રોની સુવિધા અમદાવાદમાં એક બીજા થી જોડવામાં આવી છે, એમ તેમણે ઉમેર્યું હતું.

ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન છે જેમાં ઔધોગિક ક્ષેત્રે લોજીસ્ટીક કોસ્ટ મોટો વિષય હતો. જેને આજે રેલ્વે, હાઈવે, એરપોર્ટ અને પોર્ટની કનેક્ટીવીટીની સરળ કરવામાં આવ્યું છે. ગુજરાતના પોર્ટને સશક્ત બનાવવામાં આવી રહ્યાં છે, પોર્ટની ક્ષમતા બમણી થઈ રહી છે જેની અસર સમગ્ર દેશના વિકાસ પર દેખાઈ રહી છે. વેસ્ટ્રન કોરિડોર થી ગુજરાતના પોર્ટને દેશના અન્ય હિસ્સાઓ થી જોડવામાં આવી રહ્યા છે.સાગરમલા યોજના અંતર્ગત સંપૂર્ણ કોસ્ટ લાઈનમાં રસ્તા બનાવવમાં આવી રહ્યાં છે.

અમૃત કાળમાં પણ વિકસીત ભારત માટે વિકસીત ગુજરાતના ધ્યેય સાથે સૌને એક જૂથ થઈને કાર્ય કરવાનો વડાપ્રધાનશ્રી એ અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે કેન્દ્રીય રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે અમદાવાદ ખાતે બે મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટનું લોકાર્પણ કરવામાં આવ્યું છે, જેનાથી રેલ પરિવહનના વિકાસને નવી ગતિ મળશે. કેન્દ્રીય રેલવે મંત્રી શ્રીએ વધુમાં કહ્યું કે, વર્ષ ૨૦૧૪ પહેલાં ગુજરાતમાં રેલવે કનેક્ટિવિટીના પ્રત્યેક કામની ઉપેક્ષા કરવામાં આવતી હતી. વર્ષ ૨૦૧૪ પહેલાં ગુજરાતમાં રેલવે વિકાસ માટે બજેટમાં માત્ર રૂ. ૫૮૦ કરોડ જ ફાળવાતા હતા. આજે નરેન્દ્રભાઈ મોદીની સરકાર આવ્યા પછી આ રકમમાં છ ગણા વધારા સાથે રૂ. ૩૮૦૦ કરોડ ફાળવવામાં આવે છે. આ વર્ષે પણ ગુજરાતને રેકોર્ડબ્રેક રૂ. ૪૭૪૫ કરોડથી વધુની ફાળવણી કરવામાં આવી છે.

શ્રી અશ્વિની વૈષ્ણવે વધુમાં કહ્યું કે, ગુજરાતમાં બુલેટ ટ્રેનનું ૧૦૦ કિમીનું કામ આજે જ પૂર્ણ કરવામાં આવ્યું છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં ભારતના રેલવેના વિકાસનાં કામો ઝડપથી પૂર્ણ થઈ રહ્યા છે અને દેશભરમાં રેલવેનું ટ્રાન્સફોર્મેશન થઈ રહ્યું છે, એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

આ પ્રસંગે કેન્દ્રીય રેલવે રાજય મંત્રી શ્રીમતી દર્શના જરદોશ, ગુજરાત રાજયના કેબિનેટ મંત્રી શ્રી પ્રદીપ પરમાર, કુટીર અને ગ્રામોદ્યોગ રાજ્ય મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા,અમદાવાદ શહેર મેયર શ્રી કિરીટભાઈ પરમાર, સ્થાનિક સાંસદશ્રીઓ તથા ધારાસભ્યશ્રીઓ, રેલવેના ઉચ્ચ અધિકારીશ્રીઓ સહિત મોટી સંખ્યામાં પ્રજાજનો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ગુજરાત રાજસ્થાન સહિત ૨૯ સ્થળોએ વચ્યુઅલ માધ્યમથી મહાનુભાવો અને નાગરિકો જોડાયા હતા.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



NOG SS No : 0002
વિષય - પાનખર
વિભાગ ગદ્ય
શિર્ષક- ભણકારા
ભણકારા નવયુગનાં
આજ પ્રકૃતિ ખીલી રહી
જાણે ધરતીએ પહેર્યું લીલું પાનેતર,
આ પાનખરમાં વસંતનાં ભણકારા...
કાગળની હોડીને ઠેઠ મઝધારે લાવ્યાં,
આ ઝાંઝવાનાં નીરમાં ઘોડાપુરનાં ભણકારા....
શાસ્વત ઝંખના કે ઝળહળતી જિંદગીમાં,
આ આસુંનાં ઝરણાંમાં તારા આગમનનાં ભણકારા...
પ્રેમ એવો પાંગર્યો જાણે પવનને પાંખો ફૂટી અને
પ્રાંગણામાં ઘૂઘરી ઘમકી ,
આ ભીતરે નવજીવનનાં ભણકારા.....
ગર્ભનાળ દ્વારા સ્થાપિત થયો આપણો સંબધ,
આ માતૃત્વમાં પણ નવ ચેતનાનાં ભણકારા....
જીવનરૂપી 'નિયતી' માં મૃત્યુરૂપી તાંડવ,
આ કોરોનાકાળમાં નવયુગનાં ભણકારા.....
જીજ્ઞા કપુરિયા 'નિયતી'

---

NOG.SS.NO.0032
વિષય: પાનખરેખરતાં પાંદડાં , ફૂલો
વિભાગ :પદ્ય
શીર્ષક: પાનખર
પાનખરની પણ ખબર પૂછાતી હતી,
પાનખરને પૂછીને આજ વસંત ખીલી.
ફૂલો ખર્યા પાનખરમાં સ્મિત વિસરાઈ ગયું,
પાનખરને પૂછીને આજ વસંત ખીલી.
ખીલી ખીલી આજ વસંત ખીલી,
પાનખરને પૂછીને આજ વસંત ખીલી.
પુષ્પ અને પતંગિયાંને આજ પ્રેમ થયો,
પાનખરને પૂછીને આજ વસંત ખીલી.
પુષ્પનાં રંગો લઈ આવ્યું પતંગિયું,
પાનખરને પૂછીને આજ વસંત ખીલી.
પતંગિયું કરે છે આજ પમરાટ,
પાનખરને પૂછીને આજ વસંત ખીલી.
પુષ્પ અને પાંદડાને થઈ ગઈ ખાનગી વાત
પાનખરને પૂછીને આજ વસંત ખીલી.
વૃક્ષે દીધી એક અણછાજતી સલામ,
પાનખરને પૂછીને આજ વસંત ખીલી.
મીના માંગરોલીયા મીનુ
અમદાવાદ

---

NOG SS NO: 126
વિષય 'પાનખરમાં ખરતા પાંદડાં, ફૂલો'...
રચના :ગઝલ
લેખક: મોહનભાઈ આનંદ
પાનખરે ખરતા પાંદડા,ફૂલો'
========================

પાનખરમાં પાંદડા ખરતા જ કૂંપળ આવશે,
નવવધૂ ઘૂંઘટ જરા ખોલીને એક ક્ષણ આવશે.
લાગણી છે અટપટીને ચટપટી પણ હોય છે,
ખેલતા કોઈ સ્વાર્થમાં જો આંસુ દડદડ આવશે.
રોકડો વહેવાર છે દુનિયાનાં આ લેણાં તણો,
પામવો વિશ્વાસ દિલથી કોઇ તડફડ આવશે .
જાગતા રહેવાનું સાક્ષી, જિંદગીમાં પામવા,
જિંદગીમાં એક નૂતન શ્વાસની પળ આવશે.
આ વસંત આવી છે લઈને જો વધાઈ આંગણે,
ફૂટતાં આનંદ ઝરણાં એ જ ખળખળ આવશે.
==========================
મોહનભાઈ આનંદ

સિક્યોરિટી પકડાયો,
ટિકિટ ફાડનાર પકડાયો,
સુપરવાઈઝર પકડાયો,
મેનેજર પકડાયો,
પેટા કોન્ટ્રાક્ટર પકડાયો,
પણ.....
હજી સુધી ઉદ્ઘાટન કરનાર નથી પકડાયો,
પંદર વર્ષ સુધી પુલનો માલિક બનનાર નથી પકડાયો,
એ અધિકારી ન પકડાયો જેણે પુલનું
ફિટનેસ સર્ટિફિકેટ
આપ્યા વગર પુલ ચાલુ કરનાર પર કાર્યવાહી ન કરી,
માછલીઓ પકડાઈ
મગરમચ્છ ફરી બચાવી લેવાયા????
એકાદ મહિનો પ્રજાને યાદ રહેશે
પછી ભૂલી જશે તેની સંપૂર્ણ જાણકારી પ્રસાશનને છે??
યાદ છે કોઈને
કાંકરિયા કાંડ ?
તક્ષશિલા કાંડ ?
લઠ્ઠાકાંડ ?

**સ્વ.અરવિંદા બેન ભગવાનલાલ ભટ્ટ Leicester (u.k.) ના સ્મૃતિ અને આત્મા કલ્યાણ અર્થ ઉપોરોકત તારીખ ૨૭/૧૧/૨૦૨૨ ના રોજ ખંભાળિયા મુકામે નેત્રમણી કેમ્પ તેમજ વિના મૂલ્યે ડાયાબિટીસ અને B.P. ચકાસણી નું આયોજન કરવા માં આવેલ છે,તમારા સગા, સંબંધીઓ,મિત્રો, આડોશી પાડોશી તેમજ જાણીતા અને અજાણ્ જે કોય આ કેમ્પ માં સારવાર લાભ લેવા ઈચ્છા ધરાવતા હોય તે તમામ ને ખંભાળિયા સ્થિત શ્રી લલિતાબેન પ્રેમજી ભાઈ બદિયાની હોસ્પિટલ ખંભાળિયા નો સંપર્ક કરવા વિનંતી,અને નામ સરનામા સાથે રજિસ્ટર થવા વિનંતી.આ કાર્યક્રમ માં U.K. સ્થિત તેમજ માનવ સેવા સમિતિ ખભાલિયા સ્થિત સાઈ ભક્તો ઉપરાંત શ્રી શિવાનંદ મિશન વીરનગર તરફ થી સેવા સહયોગ આપવા માં આવશે.કેમ્પ નો લાભ લેવા ઈચ્છુકો ને વહેલાસર નામ નોધણી કરાવવી લેવા આ કેમ્પ ના દાતા શ્રી ભગવાન ભટ્ટ પરિવાર લેસ્ટર (યુ.કે.) નમ્ર અનુરોધ કરે છે.**

## સસ્ટેનેબલ સ્કિનકેર બ્રાન્ડ 'નેચર ૪ નેચર' ભારતમાં લોન્ચ, બ્રાન્ડ એમ્બેસેટર તરીકે તારા સુતારિયા અને ઈશાન નેચર ૪ નેચર, સ્કિનકેર શ્રેણીમાં સમગ્ર સ્કિન અને હેર કેર શ્રેણીમાં ૧૪ ઉત્પાદનો સાથે શરૂ

૧લી નવેમ્બર,, ભારત: ફિલ્મ નિર્માતા આનંદ પંડિત અને યશ બિરલાનું સ્કિનકેર શ્રેણીમા એક નવુ વેન્ચર, નેચર ૪ નેચર. ગ્રાહકોને ૧૦૦% કુદરતી ઉત્પાદનોની ઓફર કરીને પ્રેમ અને કરુણાના સંદેશને શેર કરવાના ઉદ્દેશ્ય સાથે બ્રાન્ડ લોન્ચ કરવામાં આવી છે. સૌંદર્ય ઉત્પાદનોના નિર્માણમાં ઉપયોગમાં લેવાતા પદાર્થો કુદરતી ઘટકો સાથે હાનિકારક અને ઝેરી એસિડના ઉપયોગને બદલવાનો પ્રયત્ન કરે છે. દેશના વિવિધ ભાગોમાંથી મેળવેલા કુદરતી ઘટકો સાથે દરેક ઉત્પાદનને સભાનપણે ક્યુરેટ કરવામાં આવે છે જે પછી કુદરતી સામગ્રીનો ઉપયોગ કરીને પેક કરવામાં આવે છે.

બ્રાન્ડ લૉન્ચ સાથે, નેચર ૪ નેચરે બે યુવા બૉલીવુડ બ્રાન્ડના એમ્બેસેડર, તારા સુતારિયા અને ઈશાનની નિમણૂકની જાહેરાત કરી. બ્રાન્ડ એમ્બેસેડરોએ તેમના સોશિયલ મીડિયા હેન્ડલ્સ પર બ્રાન્ડ ફિલ્મનું ટીઝર પણ શેર કર્યું હતું, જેમાં ચાહકોને બ્રાન્ડ ઓફરની ઝલક આપવામાં આવી હતી. બ્રાન્ડ એમ્બેસેડરો બ્રાન્ડને તેના ઉત્સાહને અસરકારક મેસેજિંગમાં પરિવર્તિત કરવામાં મદદ કરશે.

નેચર ૪ નેચર ગ્રાહકોને એક જ બોટલનો એકથી વધુ વખત પુનઃઉપયોગ કરવાનો વિકલ્પ આપવાનું પણ આયોજન કરી રહ્યું છે, જે ગ્રાહકોમાં ટકાઉ પ્રથાઓને સક્ષમ બનાવશે. ઉત્પાદનો ગ્લોબ અને મનુષ્ય બંને માટે હાનિકારક રસાયણો અને સામગ્રીઓથી મુક્ત વિશ્વ બનાવવાના બ્રાન્ડના ઉદ્દેશ્યને સાર્થક કરશે.

આઈટમનું પેકેજિંગ ઊઇ કોડ સાથે કરવામાં આવ્યું છે જે બોટલને ફરીથી ભરવાની પ્રક્રિયામાં સરળતા અને ગ્લોબ પર કચરાના પ્રમાણમાં ઘટાડો થશે. પ્રોડક્ટના મુખ્ય ઘટકો ખાસ કરીને તે શહેરોમાંથી મેળવવામાં આવે છે જેના માટે તેઓ જાણીતા છે, દાખલા તરીકે ચંદન જમ્મુ અને કાશ્મીરમાંથી, તજ મ્યાનમાર, શ્રીલંકા, અને તમિલનાડુમાંથી અને ગ્રીન ટી



તમિલનાડુ, કર્ણાટક, કેરળ વગેરેમાંથી મેળવવામાં આવે છે.

નેચર ૪ નેચરના સ્થાપક યશ બિરલાએ જણાવ્યું હતું કે, "અમે એક એવી બ્રાન્ડ બનાવવા માંગીએ છીએ જે માત્ર માનવ સુખાકારી સાથે જ ચિંતિત ન હોય પરંતુ ટકાઉ અને સ્વસ્થ ભવિષ્યમાં નોંધપાત્ર યોગદાન આપે. અમારો ઉદ્દેશ્ય અમારા ગ્રાહકોને ઝેરી એસિડના વધતા ઉપયોગને બદલે ૧૦૦% કુદરતી ઉત્પાદનો પ્રદાન કરવાનો છે. ઉત્પાદન અને પેકેજીંગમાં વપરાતા કાચા ઘટકો પ્રકૃતિમાં ટકાઉ હોય છે અને તે દેશભરમાંથી આવે છે."

બોલિવૂડ ફિલ્મના નિર્માતા અને નેચર ૪ નેચરના સ્થાપક, આનંદ પંડિતે જણાવ્યું હતું કે, "આયુર્વેદ દ્વારા ભારતીય વારસાને સન્માનિત કરીને સ્કિનકેરનો અભ્યાસ કરવાનો આનંદ છે. નેચર ૪ નેચર એ સ્કિનકેર બ્રાન્ડ છે જે તમામ કુદરતી ઘટકોનો ઉપયોગ કરીને અને પ્રકૃતિમાં ટકાઉ હોય તેવા પેકેજિંગનો ઉપયોગ કરીને ભારતીય મૂળથી લગોલગ છીએ. અમે સૌંદર્યમાં તમામ સંસાધનોનું મિશ્રણ કરીને પ્રકૃતિ અને તેના લોકોની નજીક આવવાની આશા રાખીએ છીએ. આ લોન્ચ યશ બિરલા વેન્ચર્સ સાથેના જોડાણમાં છે અને અમે જે પ્રોડક્ટ ઓફર કરી રહ્યા છીએ તેની ગુણવત્તા વિશે અમારા ઉપભોગતા શું વિચારે છે તે જાણવા માટે અમે આતુર છીએ."

એસોસિએશન પર વાત કરતા, ઈશાને કહ્યું, "હું નેચર ૪ નેચર સાથે સંકળાયેલા હોવાનો ખૂબ જ આનંદ અનુભવું છું - માત્ર તેમના ગુણાત્મક અને વૈવિધ્યસભર ઉત્પાદનોની શ્રેણી માટે જ નહીં પરંતુ તેમની પાછળની વિશાળ દ્રષ્ટિ માટે. તેઓ ૧૦૦% કુદરતી, ટકાઉ રીતે તેમના ઉત્પાદનોનું ઉત્પાદન કરીને ભારતમાં આગેવાની કરી રહ્યા છે અને આ પાથ બ્રેકિંગ પ્રયાસમાં તેમની સાથે સંકળાયેલા હોવાનો મને ગર્વ છે."

તારા સુતરિયાએ જણાવ્યું હતું કે, "નેચર ૪ નેચર ટકાઉપણું અને પ્રકૃતિ પ્રત્યેના પ્રેમના ખ્યાલ પર આધારિત છે. આનાથી મને ૧૦૦% પ્રાકૃતિક જ નહીં પરંતુ પ્લાસ્ટિક-મુક્ત પર્યાવરણ તરફ પણ કામ કરતી બ્રાન્ડ સાથે જોડાવાનો આનંદ છે. "

બ્રાન્ડની વેબસાઈટ ગ્રાહકોને તેમની ત્વચાના પ્રકાર અને ચિંતાઓના આધારે ઉત્પાદનોની દરખાસ્ત કરીને વ્યક્તિગત અનુભવ પ્રદાન કરવા માટે બનાવવામાં આવી છે. વેબસાઈટ પરથી ખરીદેલી દરેક પ્રોડક્ટ માટે મધ્યપ્રદેશ અને તમિલનાડુના જંગલોમાં એક ફળનું વૃક્ષ વાવવામાં આવશે, જેનાથી ખેડૂતોની આવકમાં વધારો થશે.





## શહેર ભાજપ યુવા મોરચા દ્વારા મોરબી ખાતે ઝૂલતા પુલ દુર્ઘટનામાં મૃત્યુ પામેલ નાગરિકોની દિવંગત આત્માની શાંતિ માટે કેન્ડલ માર્ચ યોજાઈ

ગાંધીનગર મહાનગર ભાજપા યુવા મોરચા દ્વારા મોરબી ખાતે ઝૂલતા પુલ દુર્ઘટનામાં મૃત્યુ પામેલ નાગરિકોની દિવંગત આત્માની શાંતિ માટે તા.૩૧ ઓક્ટોબર, સોમવારે સાંજે ઘ-૫ સર્કલ પાસે કેન્ડલ માર્ચ દ્વારા શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી તેમજ ઈજાગ્રસ્તો જલ્દીથી સ્વસ્થ થાય તેવી પ્રભુ પાસે પ્રાર્થના કરી હતી જેમાં શહેર ભાજપ પ્રમુખ ઋચિર ભટ્ટ, મેયર હિતેશ મકવાણા, સંગઠનના હોદ્દેદારો, યુવા મોરચાના કાર્યકર્તાઓ જોડાયા હતા.

## મોરબી પુલ દુર્ઘટનાનો મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો ,૧૪મીએ સુનાવણી થશે

નવીદિલ્લી,તા.૧

દિવાળી અને નવા વર્ષના તહેવારો પુર્ણ થતાંની સાથે જ ગુજરાતમાં જાણે ગ્રહણ બેઠું હોય એમ મોરબીમાં ભયાનક હોનારત સર્જાઈ. મોરબીમાં આવેલો ઐતિહાસિક ઝૂલતો પુલ લોકો માટે ખુલ્લો મુકાયો અને થોડા જ સમયમાં આ પુલ તૂટી પડતાં અનેક લોકો મોતને ભેટ્યાં. આ ઘટનાએ ગુજરાત સહિત દેશભરમાં હડકંપ મચાવી દીધો. ત્યારે આ ઘટના પાછળ કોણ છે જવાબદાર? કોની બેદરકારીના કારણે ગયા નિર્દોષ લોકોના જીવ? આ તમામ મામલો હવે સુપ્રીમ કોર્ટ સમક્ષ પહોંચ્યો છે. સુપ્રીમ કોર્ટમાં ૧૪ નવેમ્બરે મોરબી પુલ દુર્ઘટના સાથે જોડાયેલી અરજી પર સુનાવણી થશે.મોરબી પુલ દુર્ઘટનાનો કેસ સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે. વકીલ વિશાલ તિવારીએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરીને માગ કરી છેકે, આ દુર્ઘટનાની જીઝ ના નિવૃત્ત જજની અધ્યક્ષતામાં એક ન્યાયિક આયોગની રચના કરવામાં આવે. અરજીમાં એવું પણ ટાંકવામાં આવ્યું છેકે, એવી રાજ્ય કમીટીની રચના થવી જોઈએ જે આપણાં ત્યાં આવેલાં જૂના સ્મારકો, પુલોના જોખમને ધ્યાનમાં લે છે. તેની દેખરેખ માટે અંકલન કરે જેથી તેની સુરક્ષા થઈ શકે. એટલું જ નહીં દરેક રાજ્યમાં એક વિશેષ વિભાગની રચના થવી જોઈએ જે આવી દુર્ઘટનાઓની ઝડપથી તપાસ કરે. સાથે જ જાહેર ઉપયોગમાં લેવાતી આવી કોઈપણ ઈમારતમાં શ્રેષ્ઠ ક્વોલિટીનું છેકે નહીં તેનું ચેકિંગ પણ થઈ શકે છે.ઉલ્લેખનીય છેકે, રવિવારનો દિવસ ગુજરાત માટે ગોઝારો દિવસ બનીને આવ્યો.

## કોફીમાં સૌથી ઉપર ફીણ હોય છે
## ભાજપ એવી જ છે, તેની નીચે આરએસએસની ઊંડી સંરચના છે:ચુંટણી રણનીતિકાર પ્રશાંત

પટણા,તા.૧

ચૂંટણી રણનીતિકાર પ્રશાંત કિશોરે ભારતીય જનતા પાર્ટી અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની તુલના કોફી સાથે કરી હતી. પ્રશાંત કિશોરે કહ્યું કે, ભાજપ તે ફીણની જેમ છે જે ઉપરના હિસ્સામાં હોય છે, જ્યારે અસલી વસ્તુ નીચે છે જે તેનું મૂળ શરીર છે. પ્રશાંત કિશોર અત્યારે રાજ્યવ્યાપી ૩,૫૦૦ કિલોમીટર લાંબી પદ યાત્રા કરી રહ્યા છે. પદયાત્રા દરમિયાન તેમણે અફસોસ વ્યક્ત કર્યો કે, તેમને એ અનુભવવામાં ખૂબ સમય લાગ્યો કે નાથુરામ ઘોડસેની વિચારધારાને, ગાંધીની કોંગ્રેસને જ પુનર્જીવિત કરીને હરાવી શકાય છે અને અને એ સારું હોત હું નીતિશ કુમાર, જગન મોહન જેવા લોકોની મદદ કરવાની જગ્યાએ એ દિશામાં કામ કરતો. આઈપેકના સંસ્થાપક પ્રશાંત કિશોર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રથને રોકવામાં વિપક્ષી એકજૂથતાની પ્રભાવશીલતા પર શંકા કરતા



રહ્યા છે.

તેમણે ભાર આપીને કહ્યું કે, જ્યાં સુધી કોઈ એમ નથી સમજતું કે તેઓ શું છે, ત્યાં સુધી કોઈ પણ ભાજપને હરાવી નહીં શકે. તેમણે આગળ પૂછ્યું કે, શું તમે ક્યારેય એક કોફી કપને જોયો છે? જેમ તેની સૌથી ઉપર ફીણ હોય છે, ભાજપ એવી જ છે. તેની નીચે આરએસએસની ઊંડી સંરચના છે. આરએસએસએ સામાજિક તાણા-વાણા ખરાબ કરી લીધા છે. તેને હવે શોર્ટકટ રીતે નહીં હરાવી શકાય. પ્રશાંત કિશોરે વર્ષ ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ચૂંટણી પ્રચાર અભિયાન સંભાળ્યું હતું.

આ ચૂંટણીમાં ભાજપે બહુમત હાંસલ કરીને સરકાર બનાવી હતી. પ્રશાંત કિશોર પદયાત્રા દરમિયાન બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર પર પણ નિશાનો સાધી રહ્યા છે અને તેમને ભાજપના એજન્ટ કહી રહ્યા છે. ચૂંટણી રણનીતિકાર પ્રશાંત કિશોરે કહ્યું કે, જયારે હું જનતા દળ યુનાઈટેડનો રાષ્ટ્રીય અધ્યક્ષ હતો, ત્યારે દેશમાં સીએએ એનઆરસી વિરુદ્ધ અવાજ ઉઠાવી રહ્યો હતો.

તેમણે આગળ કહ્યું કે, મને એ જાણીને હેરાની થઈ કે, મારી પાર્ટીના સાંસદોએ પણ સંસદમાં નાગરિકતા સંશોધન બિલના પક્ષમાં મતદાન કર્યું.

એ સમયે અમારા રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિશ કુમાર હતા. તેમનો મારી સાથે સામનો થયો તો તેમણે દાવો કર્યો કે, તેઓ પ્રવાસ પર હતા એટલે તેમને આ ડેવલપમેન્ટ બાબતે જાણકારી નથી, પરંતુ તેમણે મને આશ્વાસન આપ્યું કે તેઓ બિહારમાં એનઆરસીને મંજૂરી નહીં આપે. તેમના બેવડા વલણથી મને અનુભવ થયો કે હું તેમની સાથે કામ નહીં કરી શકું. ત્યારબાદ પ્રશાંત કિશોરને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા.



સમાજ સુરક્ષા ખાતું, ગુજરાત સરકાર, ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણાં અને વિકાસ નિગમ તથા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત સરકાર દ્વારા ભારતીય ઉદ્યમિતા વિકાસ સંસ્થાન ખાતે સ્થાપવામાં આવેલ દિવ્યાંગજન સશક્તિકરણ કેન્દ્ર (CEDA) દ્વારા રુરલડેવલોપમેન્ટએન્ડ રિસર્ચ સેન્ટર અમદાવાદ સંસ્થાના સહયોગથી સ્થળ બાલાસિનોર તાલુકો બાલાસિનોરજિલ્લો મહિસાગર ખાતે ઉદ્યોગસાહસિકતાના જાગ્રુતીવિષય પર એકદિવસનાકાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં કુલ ૪૧ દિવ્યાંગજનોએ ભાગ લીધો હતો.

કાર્યક્રમના વિષયની સંક્ષિપ્ત માહિતી :

તા.૧-૮-૨૦૨૨ ના રોજ સવારે ૧૦.૩૦ થી ૫.૦૦ સુધી એક્તા ચેરિટેબલ ટ્રસ્ટ બાલાસિનોર ના હોલ મા યોજયેલા આ કાર્યકર્મ મા દિવ્યાંગજનોને સ્વમાનભેર જીવન જીવવા અને ઉદ્યોગસાહસિકતા વિક્સાવવા અંગે માહિતિઆપવામા આવી. રુરલડેવલોપમેન્ટએન્ડ રિસર્ચ સેન્ટર સંસ્થાના પ્રમુખ શૈલેશ ભાઇ દવે, તાલીમકાર રજનીભાઇ તથા અશ્વીંભાઇ એ પ્રેરણા દાયક માહિત્તિ આપી. જેમાં મુખ્ય અતિથિ તરીકે રિયાંઝ ભાઇ શેખ (પ્રમુખ એક્તા ચેરિટેબલ ટ્રસ્ટ બાલાસિનોરહાજર રહ્યા હતા.

# માનગઢ ખાતે શહિદ વંદના કાર્યક્રમ દેશના વિકાસપુરુષ અને આત્મનિર્ભર ભારતની પ્રેરણા આપનાર યશસ્વી પ્રધાનસેવકની ઉપસ્થિતિમાં યોજાયો

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, ગુજરાતના પનોતા પુત્ર અને દેશને એક ભારત શ્રેષ્ઠ ભાર, મેક ઈન ઈન્ડાય અને જેમના નેતૃત્વમાં દેશ આઝાદીના અમૃત કાળમાં આત્મનિર્ભર ભારત તરફ લઈ જનાર અને વૈશ્વિક નેતાશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે આજરોજ માનગઢ ખાતે શહિદ વંદના કાર્યક્રમ અંતર્ગત જનસભાને સંબોધી હતી. આ જનસભામાં મધ્યપ્રદેશના રાજયપાલશ્રી મંગુભાઈ પટેલ, ગુજરાતના મ્રુદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ,મધ્યપ્રદેશના મુખ્યમંત્રીશ્રી શિવરાજસિંહ ચૌહાણ, રાજસ્થાનના મુખ્યમંત્રીશ્રી અશોક ગેહલોત, કેન્દ્રીયમંત્રીશ્રીઓ ફગ્ગનસિંહ કુલસ્તે, શ્રી અર્જૂનસિંહ મેઘવાલ, સહિત ગુજરાત અને રાજસ્થાનના મંત્રીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં દેશના પ્રધાનસેવકશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે જનમેદનીને સંબોધતા જણાવ્યું કે , માનગઢધામ જનજાતિયોની વિરવિરંગાનાઓના તપ, ત્યાગ , તપસ્યા અને દેશભક્તિનું પ્રતિબિંબ છે.માનગઢ રાજસ્થાન,ગુજરાત, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર ના લોકોની ભેગી વિરાસત છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે ગુરુ ગોવિંદજીને શ્રદ્ધાંજલી પાઠવી. ગુરુ ગોવિંદજીની તપ,તપસ્યા, વિચારો અને આદર્શોને પ્રણામ. ગુજરાતના મુખ્યમંત્રી તરીકેની જવાબદારી સમયે માનગઢનો જે હિસ્સો ગુજરાતમાં છે તેની સેવા કરવાનું સૌભાગ્ય મળ્યું. ગુરુ ગોવિંદજીએ તેમના જીવનના અંતિમ વર્ષ પણ ત્યાજ વિતાવ્યા હતા. ગુરુ ગોવિંદજીના શિક્ષા,વિચાર અને ઉર્જા આજે પણ આ ધરતીમાં અનુભવી શકાય છે.

શ્રી મોદી સાહેબે વધુમાં જણાવ્યું કે, ગુરુ ગોવિંદજીએ સમાજના દરેક વર્ગમાં સંપ ભાવ વધે તે માટે સંપસભા થકી એકજૂટતા, પ્રેમ અને ભાઈચારાની પ્રેરણા આપે છે. ૧૭ નવેમ્બર ૧૯૧૩ના રોજ માનગઢમાં જે નરસંહાર થયો તે અંગ્રેજ સરકારની ક્રુરતાની પરાકાષ્ઠા હતી. માનગઢના આ ધરતીમાં અંગ્રેજોએ દોઢ હજારથી વધુ યુવાનો, મહિલાઓને ઘેરી મોતને ઘાટ ઉતાર્યા હતા. દુરભાગ્ય છે કે આદિવાસી સમાજનું આ સંઘર્ષ,બલિદાનને આઝાદી પછી લખેયાલા ઈતિહાસમાં જે સ્થાન મળવું જોઈતું હતું તે ન મળ્યું. આઝાદીના અમૃત મહોત્સવમાં આ ભુલને દેશ સુધારી રહ્યો છે. ભારતનું અતિત,ઈતિહાસ,વર્તમાન અને ભવિષ્ય આદિવાસી સમાજ વગર પુરુ ન થાય. આપણી આઝાદીની લડાઈનો ઈતિહાસ પણ આદિવાસી વિરતાથી ભરાયેલો છે.

શ્રી મોદી સાહેબે આદિવાસી સમાજના બલિદાન વિષે વાત કરતા વધુમાં જણાવ્યું કે, ૧૮૫૭ની ક્રાંતીથી પહેલા વિદેશી સરકારો સમક્ષ આદિવાસી સમાજે સંગ્રામનું બ્યુગલ ફુક્યુ હતું. ભગવાન બિરસામુંડાજીએ પણ લાખો આદિવાસીઓમાં ક્રાંતીની જયોત પ્રગટાવી હતી. ભગવાન બિરસામુડાજી ખૂબ નાની ઉમરે દેવ થયા પરંતુ તેમની ઉર્જા તેમની દેશ ભક્તિ આજે પણ યુવાનોને પ્રેરણા આપે છે. આપણા આદિવાસી ભાઈ-બહેનો મહારાણા પ્રતાપ સાથે તેમની તાકાત બનીને ઉભા રહ્યા હતા. આદિવાસી સમાજના બલિદાનનો દેશ રૂણી છે. આદિવાસી સમાજે પ્રકૃતિથી પર્યાવરણ સુધી અને સંસ્કૃતિથીલઈ પરંપરાઓ સુધી ભારતના ચરિત્રને નિખાર્યું છે. આજે સમય છે કે દેશ આદિવાસી સમાજના રૂણ તેમની સેવા કરી ચુકવે.

શ્રી મોદી સાહેબે ભગવાન બિરસામુંડાજી અંગે વધુમાં જણાવા કહ્યું કે. ૧૫ નવેમ્બરના રોજ ભગવાન બિરસામુંડાની જન્મજંયતી પર દેશ જનજાતિય ગૌરવ દિવસ તરીકે ઉજવી રહ્યુ છે. આદિવાસી સમાજના અતિત અને ઈતિહાસને જનજન સુધી પહોંચાડવા આજે દેશભરમાં આદિવાસી સ્વતંત્ર સેનાનિઓને સમર્પિત વિશેષ મ્યુઝિયમ બનાવવામાં આવી રહ્યા છે. રાજસ્થાન થી ગુજરાત અને પુર્વોતર અને ઓડિસા સુધી વિવિધ આદિવાસી સમાજની સેવા કરવા આજે દેશ સ્પષ્ટ નિતિ સાથે કામ કરી રહ્યો છે. વન બંધુ કલ્યાણ યોજના થકી આજે આદિવાસી સમાજને વિજળી,પાણી,શિક્ષા,સ્વાસ્થ્ય અને રોજગાર મળે તે માટે પ્રયાસ કરવામાં આવે છે. આજે આદિવાસી વિસ્તાર ડિજિટલ ઈન્ડિયા સાથે જોડાઈ રહ્યા છે. આદિવાસી યુવાનોને સારુ શિક્ષણ મળે તે માટે એકલવ્ય આદિવાસી વિદ્યાલયની શરૂઆત કરવામાં આવી રહી છે.

શ્રી મોદી સાહેબે વધુમાં જણાવ્યું કે, રાજસ્થાનના ભાઈ બહેનો ને રેલ સુવિધામાં માટે ગઈકાલજ અમદાવાદથી ઉદયપુર બ્રોડગેજ લાઈન પર ચાલનારી ટ્રેન ને લીલીઝંડી આપવાની તક મળી છે, ૩૦૦ કિ.મી લાબી બ્રોડગેજ થકી તેમને ઘણો ફાયદો થશે. આ નવી રેલ લાઈનથી રાજસ્થાનની ટુરિઝમને પણ ઘણો લાભ મળશે અને ઔધોગીક વિકાસને પણ લાભ મળશે તેમજ યુવાનોને રોજગારી મળવાની સંભાવના વઘશે.

આ કાર્યક્રમમાં મધ્યપ્રદેશમા મુખ્યમંત્રીશ્રી શિવરાજસિંહ ચૌહાણએ જનસભાને સંબોધન કરતા જણાવ્યું કે, દેશને આઝાદી સરળતાથી નથી મળી. દેશના હજારો ક્રાંતીકારીઓ હસતા-હસતા ફાંસીએ ચડ્યા હતા.કેટલાય વિરશહિદોએ તેમની યુવાની અંદબાર નિકોબારના પાણી માં વિતાવી છે તો કેટલાય વિરશહિદોએ તેમના ખુનથી માનગઢ અને ભારતની ભૂમિને રંગી ત્યારે દેશને આઝાદી મળી. દેશને આઝાદી અપાવનાર કેટ કેટલાય વિરશહિદો એવા છે કે તેમનુ બલિદાન આજે સામે આવ્યુ નથી. આઝાદીમાં માનગઢના લોકોનો ફાળો કેમ ભુલાય.માનગઢ બલિદાનની ભૂમિ છે.


ગુજરાતના મ્રુદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે જનસભાને સંબોધન કરતા પહેલા ગુજરાતના મોરબીમાં બ્રીજની દુર્ઘટના મામલે પીડિત પરિવાર પ્રત્યે સહાનુભૂતિ વ્યકત કરી. ઘટનામાં જે લોકોએ જીવ ગુમાવ્યા છે તેમના આત્માને શાંતી મળે તે માટે શ્રદ્ધાંજલી પાઠવી ઈશ્વર તેમના પરિવારને દુખ સહન કરવાની શક્તિ આપે તે માટે પ્રાર્થના કરી. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ મોરબીની દુર્ઘટના સમયે રાજયને તમામ મદદ પુરી પાડી તે બદલ આભાર.કેન્દ્ર તરફથી NDRF, આર્મી, નેવી અને એરફોર્સની મદદ મોકલી દુર્ઘટનામાં બચાવ અને રાહત કર્યામાં બળ મળ્યું. મને વિશ્વાસ છે કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વ અને દિશા-દર્શનમાં ગુજરાત આ દુખદ ઘટનાથી બહાર નીકળી ઝડપથી વિકાસની તેજ ગતી પ્રાપ્ત કરશે.

શ્રી ભુપેન્દ્રભાઈ મોદી સાહેબે જણાવ્યું કે, આજે આ તમામ શહિદોને નમન કે જેમણે દેશને આઝાદી અપાવવા તેમના પ્રાણનું બલિદાન આપ્યું. ૧૭ નવેમ્બર ૧૯૧૩નો કાળો દિવસે અંગ્રેજોએ અંદાજે ૧૫૦૦ આદિવાસી ભાઈ-બહેનોને ગોળીથી વિંધી દીધા હતા. માનગઢ હત્યાકાંડમાં હજારો રાષ્ટ્ર પ્રેમી આદિવાસીઓએ તેમના પ્રાણનું બલિદાન આપ્યું છે. માનગઢનો નરસંહાર અને ઈતિહાસથી વર્તમાન પેઢીને પરિચિત કરાવવા આદરણિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે બીડુ ઉઠાવ્યું છે. આદિજાતિ યુવાનોને મેડિકલનો અભ્યાસ તેમનાજ વિસ્તારમાં મળે તે માટે વલસાડ,દાહોદ,ગોધરામાં મેડિકલ કોલેજની શરૂઆત કરવામાં આવી છે. માનગઢ ક્રાંતી ના મહાનાયક શ્રી ગોવિંદ ગુરુનું નામ જોડી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીનું પણ નિર્માણ કર્યું છે.









રાજસ્થાનના મુખ્યમંત્રીશ્રી અશોક ગેહલોતે સંબોધન કરતા જણાવ્યું કે, આદિવાસી સમાજે પણ દેશની આઝાદી માટે મહત્વનું યોગદાન આપ્યું છે. આજે આપણો દેશ ઘણો આગળ વધ્યો છે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ જયારે વિદેશ પ્રવાસે જાય છે ત્યારે તેમને ઘણુ માન સન્માન મળે છે. ભારત એ દેશ છે કે જયા ૭૦ વર્ષથી લોકતંત્ર જીવીત છે.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મીડિયા કન્વીનર)

# ‘મનવંદના ચેરીટેબલ ટ્રસ્ટ’ - જુનાગઢ સંચાલિત માનસિક દિવ્યાંગ બાળકોની સેવાકીય સંસ્થા



પૂ.મહંતશ્રી ગોપાલાનંદજી બાપુ તથા પૂ.શ્રી મુકતાનંદજી બાપુ પ્રેરિત ‘મનવંદના ચેરીટેબલ ટ્રસ્ટ’, જુનાગઢ સંચાલિત માનસિક દિવ્યાંગ બાળકોની સેવાકીય સંસ્થા છે. એ છેલ્લા ૧૫ વર્ષથી માનસિક દિવ્યાંગ બાળકો માટે કાર્યરત છે. મનીષભાઈ અને વંદનાબેન પુરોહિત, એક દંપત્તિ આ સંસ્થા ચલાવે છે. તેઓ નિસંતાન છે માટે તેઓ દિવ્યાંગ બાળકોની સેવા જ તેમના જીવનનો ધર્મ અને કર્મ બની રહ્યો છે. તેઓને આ બાળકો સાથે એક અલગ જ આત્મીયતા અનુભવાય છે. આવા બાળકો સારી રીતે કામ કરે અને પોતાના જીવનમાં ઓછામાં ઓછી પોતાની આજીવિકા કરી શકે માટે વંદના પુરોહિતએ આ બાળકો માટે સ્પે. બી. ઍડ. પણ કર્યું. મનવંદના ટ્રસ્ટ દ્વારા સેરેબલ પાલ્સી (સી.પી. ચાઈલ્ડ), ઓટીઝમ ડાઉન સિન્ડ્રૉમ, અતિ ગંભીર માનસિક દિવ્યાંગતા ધરાવતા બાળકોને સાચવવામાં આવે છે. તેમની મુખ્ય પ્રવૃતિઓ માનસિક દિવ્યાંગ બાળકોને શૈક્ષણિક તાલિમ, રમત-ગમત, સામાજીક પુર્નવસન સંગીત, આર્ટ એન્ડ ક્રાફ્ટ જેવી તાલીમ આપવાનો છે. જેથી આવા બાળકોના માતા પિતાને મદદરૂપ થઈ શકાય. મૂળ જૂનાગઢના મનીષ પુરોહિતે(૫૨) લગ્ન બાદ પોતાના બાળકને જન્મ આપવાને બદલે સમાજમાં તરછોડાયેલા બાળકોના પિતા બનવાનો નિર્ણય લઈ આજે મા-બાપ વગરના માનસિક રીતે દિવ્યાંગ બાળકોના પિતા બનીને તેમને ઉછેરી રહ્યા છે. મનીષભાઈ અને વંદનાબેન પુરોહિતે ૧૯૯૫માં લગ્ન કર્યા બાદ તેઓ નિસંતાન રહ્યા અને દિવ્યાંગ બાળકોનો ઉછેર જ તેમનું જીવન બની ગયું, આ બાળકો જ તેમનો પરિવાર બની ગયા. તેમની સંભાળ માટે મનીષભાઈ અમદાવાદની નોકરી છોડીને જૂનાગઢ રહેવા જતા રહ્યા. તેઓ પોતે પણ કહે છે કે, “પિતૃત્વ પ્રાપ્ત કરવા બાયોલોજિકલ પિતા બનવું જરુરી નથી, પિતાનું વાત્સલ્ય બાળક કેવું છે તે જોઈને નથી વરસતું.” તેમના બાળકો પણ પાલક પિતાને હવે પપ્પા કહીને બોલાવે છે. વંદનાબેન અને મનીષભાઈ માટે આ કાર્યના પ્રેરણાસ્રોત પૂ.મહંત શ્રી ગોપાલાનંદજી બાપુ અને પૂ.શ્રી મુકતાનંદજી બાપુ બન્યા. તેમના આશીર્વાદથી મનવંદના ટ્રસ્ટને જુનાગઢ જિલ્લામાં તેમના ચાપરડા ખાતે આવેલા આશ્રમમાં પૂજ્ય મુક્તાનંદજી બાપુએ આ બાળકો માટે રહેવા તેમજ વિવિધ પ્રવૃતિઓ માટે જમીનનું એટલે કે ભૂમિદાન કર્યું હાલ એ પવિત્ર ભૂમિ પર રહેવા માટે છાત્રાલયનું બાંધકામ પૂરું થઈ ગયેલું છે અને અમો આ પ્રકારના હાલ વીસ (૨૦) જેટલા બાળકોને આ છાત્રાલયમાં કોઈપણ પ્રકારના શુલ્ક કે ફી વગર અમારા સંતાનની માફક સાચવવામાં આવે છે. જેમાં બાળકોને સવારે ચા-દૂધ, નાસ્તો બપોરે ભોજન,સાંજે નાસ્તો અને રાત્રે ભોજન અને દૂધ આપવામાં આવે છે. કપડાં અને અન્ય જરૂરીયાતની ચીજોનું પણ વિતરણ કરવામાં આવે છે તેમજ બાળકોની તબિયત બગડે કે કોઈ બાળકને રોજીંદી દવા આપવાની હોય તો તેના માટે ડોક્ટર્સ અને દવા વગેરેનો ખર્ચ પણ પૂરો પાડવામાં આવે છે. આ તમામ સેવા કાર્યો માટે સંસ્થા કેવળ દાન પર જ નિર્ભર છે. આ સંસ્થામાં બાળકો પાસેથી કોઈ પણ પ્રકારની ફી લેવામાં આવતી નથી અને આ સંસ્થાનો હેતુ માત્ર સેવાનો જ છે. સંસ્થાને અપાતું અનુદાન ૮૦જી(૫) હેઠળ કરમુક્ત છે. સંસ્થા દ્વારા દિવ્યાંગ બાળકોનાં ભવિષ્યને ઉજ્જ્વળ બનાવવા માટે અપીલ કરાઈ છે. આ માટે વધુ માહિતી માટે મનિષભાઈ પુરોહિત(મો. ૯૫૭૪૪૭૭૮૭૭) અને વંદનાબેન પુરોહિત(મો. ૯૫૭૪૩ ૭૭૮૭૭)નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

## ઉત્તર ગુજરાતને ઉત્તમ ગુજરાત બનાવવાના સંકલ્પ સાથે થરાદ ખાતે વડાપ્રધાનશ્રીના હસ્તે જળ વ્યવસ્થાપનના રૂ. ૮૦૩૪ કરોડના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને જાહેરાત

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે બનાસકાંઠા જિલ્લાના થરાદ ખાતેથી રૂ.૮૦૩૪ કરોડના વિવિધ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત અને જાહેરાત કરી હતી. મોરબીની દુર્ઘટનાથી વ્યથિત બનેલા વડાપ્રધાનશ્રીએ મૃતકોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરતા રોડ શો અને સ્વાગત સહિતના કાર્યક્રમો રદ કરી પ્રજા કલ્યાણના વિકાસ કામોનું સાદગીપૂર્ણ રીતે ખાતમૂર્હત કર્યું હતું.

આ પ્રસંગે વડાપ્રધાનશ્રીએ જણાવ્યું કે, ગુજરાત આજે શોકમાં ડૂબેલુ છે. દેશવાસીઓ પણ ખૂબ દુઃખી છે. મોરબીમાં બનેલી દુર્ઘટનામાં પોતાના પરિવારજનો, સ્વજનો, નાના ભૂલકાં ગુમાવ્યા છે એ પિડીત પરિવારજનો સાથે આપણી સૌની સંવેદનાઓ છે. મા અંબાની ધરતી પરથી લોકોને આશ્વાસન આપતા કહ્યું હતું કે, રાહત અને બચાવ કામમાં કોઈ કસર રાખવામાં નહિ આવે. ભૂપેન્દ્રભાઈ અને એમની સરકારના મંત્રીઓ, વરિષ્ઠ અધિકારીઓ રાહત બચાવમાં જોડાયેલા છે. પ્રધાનમંત્રીશ્રીએ ભાવુકતા સાથે કહ્યું કે, પોતે દુવિધામાં હતા કે, થરાદ જવું કે નહીં પરંતુ લોક કલ્યાણના કામો હોઈ અને સેવાધર્મના સંસ્કારોથી બંધાયેલા હોઈ મન મજબૂત કરીને આવ્યો છું.

થરાદ બનાસકાંઠા અને ઉત્તર ગુજરાત માટે પાણી કેટલું મહત્વનું છે એમ જણાવતા વડાપ્રધાનશ્રીએ જળ પ્રકલ્પના આ ૮૦૦૦ કરોડના વિકાસકામોથી ઉત્તર ગુજરાતના ૬ જિલ્લા અને ૧૦૦૦ કરતા વધારે ગામોમાં ૨ લાખ હેકટર કરતા વધુ જમીનને સિંચાઈની સુવિધાનો લાભ મળવાનો છે. ગુજરાતની ખમીરવંતી પ્રજા મુસીબતોનો સામનો કરી પરસેવો પાડી પરિણામ મેળવવાનો પ્રયત્ન કરે છે, બનાસકાંઠા જિલ્લો એનું જીવંત સાક્ષી છે એમ ઉમેરી ખેતી, પશુપાલન, ડેરી, બાગાયત, સિંચાઈ સહિતની વિવિધ યોજનાથી બનાસકાંઠાનો વિકાસ થઈ રહ્યો હોવાનું જણાવી ખેડૂતોને સમૃદ્ધ કરવાની દિશામાં સરકાર આગળ વધી રહી હોવાનું ઉમેર્યુ હતું. ‘કિસાન સન્માન નિધિ××વનધન યોજના’ ખેડૂતોને બેંક લોન સહિતની યોજનાઓથી ખેડૂતોની આર્થિક સધ્ધરતા વધે એવા પ્રયાસ સરકાર દ્વારા કરવામાં આવ્યા છે એમ જણાવી ખાતરના ભાવોની અસમાનતાથી મૂંઝવણમાં રહેતા ખેડૂતોની મૂંઝવણના અંત માટે તેમજ ખેડૂતોનો પાક પીળો ન પડી જાય એ માટે હવેથી ફર્ટિલાઈઝર ભારત ના નામે આપવામાં આવશે અને ખાતરની જે બોરી ૨૦૦૦ રૂપિયાથી વધુ કિંમતની છે એ ૨૬૦ રૂપિયામાં ખેડૂતોને આપવામાં આવશે એમ કહ્યું હતું. બનાસકાંઠા પશુપાલન આધારિત જિલ્લો છે ત્યારે દૂધની સાથે સાથે પશુઓના ગોબરમાંથી પણ ખેડૂતો પશુપાલકો કમાઈ કરી શકે એ માટે ×ગોબર ધન× યોજના અમલી બનાવવામાં આવશે એમ જણાવી સાત્વિક ખાતર અને પ્રાકૃતિક ખેતી પર ભાર મુકવા ખેડૂતોને અનુરોધ કર્યો હતો.

બનાસકાંઠાના નડાબેટમાં સીમા દર્શનથી સરહદના ગામોને કેવી રીતે જીવંત કરી શકાય એનું ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે.× વાઈબ્રન્ટ બોર્ડર વિલેજ× યોજનાથી આવા ગામોને વિશ્વ સમક્ષ ઉજાગર કરવાનો સંકલ્પ વ્યક્ત કરતા જિલ્લવાસીઓને ભુજના× શહીદ સ્મૃતિ વન×ની એકવાર મુલાકાત કરી ભૂકંપમાં માર્યા ગયેલા શહીદો પરિવારજનોને સાંત્વના પાઠવવા સંવેદના સાથે જણાવ્યું હતું. પ્રધાનમંત્રીશ્રીએ ઉત્તર ગુજરાત પ્રત્યે વિશેષ સંવેદના હોવાનું જણાવવાની સાથે બનાસકાંઠાને વંદન કરવાનું મન થાય છે એમ જણાવી ટપક સિંચાઈ અને સૂક્ષ્મ સિંચાઈમાં બનાસકાંઠા જિલ્લાએ સમગ્ર દુનિયાનું ધ્યાન ખેંચ્યું છે જેનું ગૌરવ હોવાનું જણાવ્યું હતું. બનાસકાંઠા વિકાસની નવી ગાથા લખી રહ્યું છે એમ જણાવતાં જિલ્લાના ઊંચાઈવાળા ભૌગોલિક વિસ્તાર એવા વાવ, સૂઈગામ, કાંકરેજ સહિતના વિસ્તારમાં માં નર્મદા મૈયાના નીર પહોંચાડવામાં આવશે, મુક્તેશ્વર ડેમ અને કરમાવત જેવા તળાવો ભરવામાં આવશે જેથી આ વિસ્તારોની પાણીની સમસ્યા કાયમી દૂર થશે એવું ભારપૂર્વક તેમણે જણાવ્યું હતું.

પહેલાં ગુજરાતમાં સાઈકલ પણ બનતી ન હતી હવે વિમાન બને છે, ગુજરાતના વિકાસને રોકાવા ન દેતા એમ જણાવતાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌના પ્રયાસ થકી ભારતના વિકાસ માટે ગુજરાતને વિકસીત કરવા આહવાન કર્યું હતું.

પ્રધાનમંત્રીશ્રીએ આ પ્રસંગે કોંગ્રેસ પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિતે કોંગ્રેસે અખબારોમાં જાહેરાત આપે છે પણ સરદાર સાહેબનો ફોટો નહિ, સરદાર સાહેબનું નામ નહિ, તમે સરદાર સાહેબને તો જોડો પછી દેશ જોડવાનું કામ કરજો એમ જણાવતાં ગુજરાત સરદાર સાહેબનું આવું અપમાન કયારેય સહન નહિ કરે એમ જણાવી સરદાર પટેલના રસ્તે, સરદાર પટેલના આશીર્વાદથી ગુજરાતને વિકાસની દિશામાં આગળ લઈ જવાનો મક્કમ નિર્ધાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે પાણી પુરવઠા અને જળસંપત્તિ વિભાગના મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું કે, આજે વડાપ્રધાનશ્રીએ ૮૦૦૦ કરોડથી વધુ રકમની પાણીની યોજનાઓ ભેટ આપીને ઉત્તર ગુજરાતને ઉત્તામ ગુજરાત બનાવવાની દિશામાં સંકલ્પ કર્યો છે. તેમણે કહ્યું કે ૧૯૯૦ના દાયકામાં ભૂગર્ભ જળ ઉંડા હતા જે આજે ૬ થી ૮ ફૂટ જેટલાં પાણીના તળ ઉંચા આવ્યાં છે. બનાસકાંઠા જિલ્લામાં બે દાયકા પહેલાં ૩ લાખ હેક્ટર વિસ્તારમાં ખેતી હતી આજે ૧૩ લાખ હેક્ટર વિસ્તારમાં ખેતી થાય છે. શ્રેષ્ઠ જળ વ્યવસ્થાપનના લીધે આજે રાજયમાં ૭૨ લાખ હેક્ટરમાં વિસ્તારમાં સિંચાઈ થાય છે.

સૂકા ભઠ્ઠ બનાસકાંઠા અને કચ્છ જિલ્લાના છેવાડાના વિસ્તારોમાં નર્મદાનું પાણી પહોંચાડવાનું ભગીરથ કાર્ય આ સરકારે કર્યુ છે.

## ગાંધીનગર ૧૪.૩ ડિગ્રી તાપમાન સાથે સૌથી વધુ ઠંડુ: નલિયામાં ૧૬.૩, પોરબંદર ૧૮, રાજકોટ ૧૯ ડિગ્રી

ગાંધીનગર,તા.૧

આજથી નવેમ્બર માસનાં પ્રારંભે જ પવનની દિશા બદલાતા સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ઠંડીએ ચમકારો દેખાડયો છે અને આજરોજ વિવિધ સ્થળોએ ૧૪ થી ૧૭ ડિગ્રી વચ્ચે લઘુતમ તાપમાન નોંધાયુ હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ચાલુ માસ દરમ્યાન હવામાન વિભાગે ઠંડીનું જોર વધવાનાં નિર્દેશો આપેલા છે.

દરમ્યાન આજરોજ રાજયનું સૌથી ઠંડુ શહેર ગાંધીનગર રહ્યું હતું. અત્રે આજે સવારે ૧૪.૩ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું જયારે કચ્છનાં નલિયા ખાતે ૧૬.૩ ડિગ્રી, અમદાવાદ-વડોદરામાં ૧૭ ડિગ્રી તેમજ ભુજમાં ૨૦.૩, ભાવનગરમાં ૧૯.૪ ડિગ્રી અને દમણમાં ૨૦.૬, ડિસામાં ૧૮.૮, દિવમાં ૨૦.૧ તેમજ કંડલામાં ૨૦.૬ ડિગ્રી જયારે પોરબંદરમાં ૧૮.૫ અને રાજકોટ શહેરમાં ૧૯.૫ ડિગ્રી તથા સુરતમાં ૨૧ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાવા પામ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે નવેમ્બર મહિનાની શરૂઆતની સાથે જ ફુલગુલાબી ઠંડીની પણ શરૂઆત થઈ ચૂકી છે.આમ તો દિવાળી પછીથી જ વહેલી સવારે સામાન્ય ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી દિવસોમાં ઠંડી વધશે. સમગ્ર રાજયમાં ઉતર પૂર્વના પવન ફુંકાવાની શરૂઆત થઈ છે. હવે પછીના પાંચ દિવસ તાપમાન યથાવત રહેશે તે બાદ ઠંડી વધવાની આગાહી કરવામાં આવી છે. રાજયમાં બે-ત્રણ દિવસ સુધી લઘુતમ તાપમાન ૧૮ થી ૨૩ ડિગ્રી સુધી રહી શકે છે.જેથી વહેલી સવારે ફુલગુલાબી ઠંડી અનુભવાશે. રાજયના કેટલાય ભાગોમાં હજુ ગરમી અનુભવાઈ રહી છે પરંતુ ધીમે ધીમે ઘટાડો જોવા મળશે. નવેમ્બરમાં પર્વતીય વિસ્તારોમાં હિમવર્ષા થવાની વકી છે. આગાહી પ્રમાણે, ધીમે ધીમે હિમવર્ષા વધતા ઉતર પર્વતીય પ્રદેશો સહિત પંજાબ, હરિયાણા, દિલ્હીના ક્ષેત્રોમાં સામાન્ય વરસાદ પડી શકે છે. પરિણામે ગુજરાતના કેટલાય વિસ્તારોમાં ઋતુ પરિવર્તન જોવા મળશે. ૫ થી ૮ નવેમ્બર સુધી ઠંડી પડશે. મહતમ અને લઘુતમ તાપમાનમાં ઘટાડો નોંધાશે.

## હજી ગઈકાલે જ્યાં લાશોના ઢગલા હતા એ મોરબીની સરકારી હોસ્પિટલમાં કલરકામ, રાતોરાત નવા ફ્રિજ અને બેડ આવી ગયા

મોરબી,તા.૧

મોરબી સિવિલ હોસ્પિટલના તંત્ર દ્વારા હોસ્પિટલનું રંગરોગાન કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. સિવિલ હોસ્પિટલને નવી બનાવવા કલર કરવામાં આવી રહ્યો છે. હોસ્પિટલમાં એલ્યુમિનિયમ સેક્શનના નાનાં નાનાં રૂમ પણ બનાવવામાં આવી રહ્યા છે.

ત્યારે મોરબી સિવિલ હોસ્પિટલના રંગરોગાન કાર્યના વીડિયો પણ સામે આવ્યા છે. આખી રાત સિવિલ હોસ્પિટલમાં કામકાજ ચાલ્યું છે. રાતોરાત તમામ નવા ફ્રિજ, કૂલર અને તમામ બેડ નવા આવી ગયા છે. મોટાભાગના વોર્ડમાં ટાઈલ્સ પણ બદલાઈ ગઈ છે.જોકે ગઈકાલે જે મોરબી સિવિલ હોસ્પિટલમાં ૧૦૦થી વધુ મૃતદેહો લાવવામાં આવ્યા હતા. ત્યારે એ જ સિવિલ હોસ્પિટલનું રાત્રે રંગરોગાન કાર્ય ચાલુ કરવામાં આવ્યું હતું, જેની માહિતી દિવ્ય ભાસ્કરના રિપોર્ટરને મળી હતી. એ બાદ તેઓ તપાસ કરવા ત્યાં પહોંચ્યા હતા. એ દરમિયાન સિવિલ હોસ્પિટલનું રંગરોગાન કામ ચાલી રહ્યું હતું.

એની પૂછપરછ કરતા સમયે સિવિલ હોસ્પિટલ બહાર હાજર પોલીસ દ્વારા તેમને ઊભા રહેવા દેવામાં આવ્યા ન હતા અને ત્યાંથી ભગાડી દેવામાં આવ્યા હતા. જોકે આ મામલે મોરબીના જિલ્લા કલેકટર બી.ટી.પંડ્યાનો સંપર્ક કરવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ સંપર્ક થઈ શક્યો નહોતો.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.